Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं } वीर सं. २४५३. पोष आत्म सं. ३१ { अंक ६ ट्ठो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ ઉન્નતિ અર્થે ... ... | ૧૫૭ | ૭ વિશ્વરચના પ્રબંધ... ... | ૧૭૫ |
| ૨ જૈન સખાવત. ... ... | ૧૫૮ | ૮ કાર્યસિદ્ધિ માટે :સદ્‌વિચારોની આવશ્યકતા ... ... | ૧૭૮ |
| ૩ મનુષ્ય જીવનની સાર્થકતા. ... | ૧૬૧ | ૯ પ્રકીર્ણ અને વર્તમાન સમાચાર. | ૧૭૯ |
| ૪ પરિશ્રમ અને કાર્ય... ... | ૧૬૬ | ૧૦ સ્વીકાર અને સમાલોચના. ... | ૧૮૧ |
| ૫ મંત્રી મુદ્રા. ... ... | ૧૭૧ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


### ઐતિહાસીક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

## જૈન ઐતિહાસીક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસીક ગ્રંથમાળાનું પુષ્પ સાતમું પુસ્તક, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે, તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ ૭ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઈ તેમાંથી અદ્દ્ભૂત કલ્પના, ચમત્કારક બનાવો અને વિધવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં નોટ આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. કાવ્ય સંચયના મૂળ કાવ્ય--રાસોનું સંશોધન અને કેટલોક રાસસાર પ્રથમ સંપાદક શ્રીમાને કરેલ છે તેમ છેવટનો મહત્વપૂર્ણ અવશિષ્ટ ભાગ તૈયાર કરવા તથા સંશોધનાદિમાં કરવામાં સાહિત્ય પ્રેમી બંધુ લાલચંદ ભગવાનદાસ પંડિતજી કે જેઓ શ્રી ગાયકવાડ સરકારના સંસ્કૃત વિભાગ સેન્ટ્રલ લાયબ્રેરીના એક મેનેજર છે તેમણે કરેલ છે. કેટલોક રાસ રા. રા. વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. તથા વકીલ કેશવલાલભાઇ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી. તથા ઉપોદ્ઘાત પરિશિષ્ટ વગેરે ભાઇ છોટાલાલ મગનલાલ શાહે કે જે ત્રણે બંધુઓ જૈન સાહિત્યના ઉપાસકો અને સંશોધકો છે તેમણે પણ તૈયાર કરેલ છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ. કિંમત ૨–૧૨–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું સ્થળ
**શ્રી જૈન આત્માનંદ સભા**
**ભાવનગર.**

---

## " આત્મવિશુદ્ધિ ગ્રંથ. "

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિનાં સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વગેરે અનેક વિષયોથી ભરપૂર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇ પણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્યમહારાજ શ્રી વિજયકેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાચકને આત્માનંદ થતાં, કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મુકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતાં પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખત તો ચોક્કસ શાંતરસ–વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. શેઠ ઝવેરભાઇ ભાઇચંદ સીરીઝના ત્રીજા પુષ્પ તરીકે પ્રગટ થયેલ છે. કિંમત ૦–૮–૦ પોસ્ટેજ જુદું.

---

**નીચેનો ગ્રંથ છપાય છે.**

**વસુદેવ હિંડી મૂળ**—નિર્ણયસાગર પ્રેસમાં, ઉંચા ઇંગ્લીશ લેઝર પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપમાં છપાય છે. તે સંબંધી વિશેષ માહેતી હવે પછી આપીશું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ | નવતત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ | જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૪ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૫ | જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૬ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૭ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ | હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ | કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧-૮-૦ |
| ૧૦ | પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૧ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૨ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૩ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ | પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ | શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૧૬ | આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૧૭ | આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૮ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૯ | જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૦ | તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ૨૧ | સમ્યક્ત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૨૨ | ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૩ | શ્રી સમ્યક્ત્વ કૌમુદી | ૧-૦-૦ |
| ૨૪ | પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦-૮-૦ |
| ૨૫ | અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૨૬ | અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૨૭ | ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ૨૯ | જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૩૧ | સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૩૨ | ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૩૩ | સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩૪ | આદર્શ સ્ત્રી રત્નો | ૧-:-૦ |
| ૩૫ | શ્રી નેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૩૬ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨-૦-૦ |
| ૩૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૩૮ | શ્રી દાન પ્રદીપ | ૩-૦-૦ |
| ૩૯ | શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧-૪-૦ |
| ૪૦ | શ્રી કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૪૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ | શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઇંડીંગ ) | ૦-૮-૦ |
| ૪૩ | કુમારપાળ પ્રતિબોધ. | છપાય છે. |
| ૪૪ | ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ | શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ |
| ૪૬ | શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ | શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

## પરચુરણ પુસ્તકો.

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| પ્રમેયરત્નકોષ | ૦-૮-૦ |
| જૈનભાનુ | ૦-૮-૦ |
| વિશેષનિર્ણય | ૦-૮-૦ |
| વિમલવિનોદ | ૦-૧૦-૦ |
| સજ્જનસન્મિત્ર | ૪-૦-૦ |
| અભયકુમારચરિત્ર ભાગ ૧ લો | ૨-૪-૦ |
| ,, ભાગ ૨ જો | ૩-૦-૦ |
| સજ્ઝાયમાળા ભાગ ૧ લો | ૨-૮-૦ |
| ,, ભાગ ૨ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૪ થો | ૨-૦-૦ |
| સમ્યક્ત્વદર્શન પૂજા | ૦-૧-૦ |
| ચૌદરાજલોક પૂજા | ૦-૧-૦ |
| નવપદજી મંડલ | ૦-૪-૦ |
| નવપદજી મંત્ર | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શા. મેઘજી હીરજી બુકસેલર, શ્રાવક ભીમસી માણેક, સલોત અમૃતલાલ અમરચંદ વિગેરેનાં પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે. **નફો જ્ઞાનખાતામાં જાય છે. જેથી મંગાવનારને પણ લાભ છે.**

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

---

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દૃષ્ટિએ અનેક કથાઓ સહિત–શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દૃષ્ટાંત-કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડ પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉત્તમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અર્વાચીન બાવીશ મહાન ( આચાર્યોશ્રી ) પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

૬ **આત્મવિશુદ્ધિ.**

---

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષ માં વર્ણવેલ છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५३. पोष, आत्मसंवत् ३१. } अंक ६ ट्ठो.

## " ઉન્નતિ અર્થે. "

( દિવ્ય દેશ અમ ઉજ્વલ કરવા ... ... એ લય )

કોમ દેશ ધર્મોન્નતિ અર્થે,
સ્થાપો શાળા ઠામે ઠામ, શિક્ષણ કાજ... .... એ ટેક.
વિધવિધ ભાતનું શિક્ષણ આપી,
કરજો જ્ઞાનસુધારસ લ્હાણુ, લેવા લ્હાવ.... .... કોમ. ૧
શ્રેષ્ઠ શિરોમણી દાન સકલમાં,
જાણો અણુમૂલ વિદ્યાદાન, જગવિખ્યાત .... .... કોમ. ૨
જ્ઞાન વિણ પશુ સમ, ધૂળધાણી,
ચક્ષુ છતાંયે અંધ મનાય, માનવ જાત. .... .... કોમ. ૩
અજ્ઞાતાનું તિમિર હઠાવા,
ફેંકો ઉજ્વલ જ્ઞાન પ્રકાશ, ઓજસ કાજ.... .... કોમ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજ્ઞ દેશિત પાઠ અમુલો,
'જ્ઞાન પછી દયા' સુવિખ્યાત, એ વીરવાણુ.... .... કોમ. ૫
આત્માનન્દ પ્રકાશ જગવવા
ધર્મ ધરો સહુ ગ્રહી સુજ્ઞાન, એ શુભ રાહ... .... કોમ. ૬

**મણીલાલ માણેકચંદ મહુધાવાળા**
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

# જૈન સખાવત.

( ગતાંક પૃષ્ટ ૧૩૬ થી શરૂ ).

જ્યારે અગાઉની રીતભાત અને આચાર વિચારમાં ફેરફારો કરવાને કોશીષો કરવામાં આવે છે અને સુધારા વધારા તેમજ મોટાઈમાં આગળ પડવા જે આકાંક્ષા ધરાવવામાં આવે છે તે જોતાં સખાવતી કામોનું ધોરણ તો અગાઉની સ્થિતિ પ્રમાણે જેવી રીતે થતું હતું તેવું ને તેવું કાયમ રહેલ છે; આ માટે ઘણા કાર્યવાહકો અને અગ્રેસરો તરફથી પોકાર કરવામાં આવે છે છતાં કોમની દ્રષ્ટિ તે તરફ ખેંચાતી નથી એ દુઃખદાયક બીના છે. લા. ફોન્ટેન નામનો એક વિદ્વાન કહે છે કે "વગર વિચારે અને અક્કલે દોડવું તે નિરર્થક છે; પણ વખતસર નીકળવું એજ સઘળી રીતે અનુકુળ છે" દયા ઉપજાવે તેવી કંગાલીઅતની વાતો, કોમની ગરીબાઇના પડઘાઓ અને નોકરી ચાકરી વિનાની બેકારીનો પ્રશ્ન; તેમજ આજારીપણું તો જનસમૂહમાં સાધારણ જેવું થઈ પડયું છે અને કોમની આબાદીના ચિન્હો નાબુદ થતાં જાય છે છતાં શ્રીમંતો પોતાનુંજ સંભાળીને બેસી રહેવામાં આનંદ માને છે તે અફસોસ કારક છે. સારી જેવી મોટી રકમોની સખાવતો કાયમ નભી શકે તેવી જાતના ખાતાંઓ તરફ અત્યાર અગાઉ થઇ હોત તો જૈનોની આવી સ્થિતિ નહોત. આજે તો અનેક ખાતાઓ ચાલે છે તેમાં છુટી છવાઈ સખાવતની રકમો ઘસડાઇ જાય છે અને નવું કાર્ય કાંઇ થતું નથી. કોમને નવા કાર્યથી રાહત મળતી નથી. જો એકાદ કાર્ય આગળ વધે છે તો બીજા બે કામો માટે બૂમ પડે છે ને કોમની મદદ માટે પોકારો થાય છે. તેથી ચાલુ ખાતાઓ રીબાય છે અને દિનપ્રતિદિન આશાજનકને બદલે ભવિષ્ય ચિંતાજનક બનતું જાય છે. આપણી કોમમાં સંપ જેવું પણ દેખાતું નથી; એક બીજા તરફ દ્વેષ, અદેખાઈ તથા પોતાની મોટાઈ બતાવવાની ખાસીઅતને લીધે ઐકયતાથી તેમજ એકત્ર કાર્ય કેમ થઇ શકે ? જો કે જાહેર કાર્ય કરનારાઓની નેમ એકજ હોય છે, છતાં હળીમળીને કાર્ય કરવાની બેદરકારીને લીધે કાંઇપણ સંગીન કાર્ય થઇ શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જન સમૂહના હિતને માટે મંડલ હોય અને તેના કાર્યવાહકો વર્ષો સુધી કોમનાં હિતના પ્રશ્નનો ઉકેલ કરવા મથન કરતા હોય અને પચીશ વર્ષ સુધી હયાતી ભોગવ્યા પછી જેની સીલ્વર જયુબિલિ ઉજવવા જેવો પ્રસંગ ઉત્પન્ન થાય તેવે પ્રસંગે કોઈપણ જાતના જનસમૂહના હિતના પ્રચાર કાર્ય માટે ઉભા થતાં ફંડની વ્યવસ્થા કરવાને સારૂ હજારો માણસોની હાજરી વચ્ચે તદન જુદીજ રીતે જાહેર જૈન પ્રજા ખાસ નવી કમીટી ઉભી કરે તે શું સૂચવે છે ? આવી સ્થિતિ ચાલુ રહે તો મને ધાસ્તી લાગે છે કે કોમને નામે કોઈપણ જાતના આવા મંડળને જનસમૂહ ખુલ્લી રીતે કહેશે કે "મિત્રો અને વખાણનારાઓના મંડલ" તરીકે ગમે તેમ કાર્ય કરો, પરંતુ કોમને નામે કાર્ય થવાની પણ મુશ્કેલી ઉભી થશે.

ઉપર પ્રમાણે સંજોગો તરફ દૃષ્ટિ કરતાં, જાહેર સેવા બજાવનારા કોમને નામે બહાર પડતા કેળવાએલ વર્ગે તેમજ તેમની પાછળ દોરાતા શ્રીમંત વર્ગે બહુજ સાવચેતીથી પ્રજાહિતના કાર્યમાં ઉલટ બતાવવા બહાર આવવું જોઇએ. અત્રે આ બાબત તરફ જૈન કોમનું ધ્યાન ખેંચતા મને સ્વયંસેવક મંડળના પ્રમુખ સાહેબના શબ્દો યાદ આવે છે. તેઓ જણાવે છે કે "સ્વયંસેવકનો ખરો અર્થ આપણે સમજ્યા નથી, સ્વયંસેવક નિર્વ્યસની, સાદો, મિતાહારી, શાંત અને પોતાના કાર્યમાં નિસ્વાર્થપણે નિમગ્ન રહેનાર તવંગર યા ગરીબ તરફ સમભાવે વર્તનાર હોવો જોઇએ. તેનામાં મોટાઇની દુર્ગંધ–શબ્દો માટે વાદવિવાદ અને માનની આંતરિક ઇચ્છાઓ ન ઘટે. અત્યારે આપણામાં આદર્શ સંસ્થા નથી, આનું કારણ મુખ્ય એજ છે કે આત્મભોગ આપનાર કાર્ય કર્તાઓ પોતાના હૃદયભાવથી કાર્ય કરતા નથી; પરંતુ કાંઇક સ્વાર્થ વૃત્તિનો અંશ અને ડોળ નજરે પડે છે; આ ઉપરાંત કાંઇક મોટાઈ, માન અને અભિમાનની લાગણીઓ જોવામાં આવે છે; વળી સામાન્ય માન્યતા છે કે ઘણે ભાગે પોતાના ધંધાને ખીલવવા આવી રીતે સેવા નિમિત્તે બહાર પડી પોતાનો સ્વાર્થ સાધી, સંસ્થાનાં કાર્યો અધુરાં રાખી પોતાના સ્વાર્થમાં લોલુપ થઈ જાય છે. દિનપ્રતિદિન દંભ, ડોળ તથા તર્કટ વધતા જાય છે; આવા સમયમાં નિસ્વાર્થે સેવા આપનાર ખરા સ્વયંસેવકો મેળવવા બહુજ મુશ્કેલ છે. હું અને તમો પણ દોષોથી ભરેલા છીએ. માટે બન્ધુઓ, ઉપર જણાવી ગયા તેનું નામ સેવા નહિ પણ નર્યો દંભ જ છે અને જો આવી દાંભિક પ્રથા ચાલુ રહેશે તો ઉપરથી ઘણુંજ સુંદર દેખાતું કાર્ય અંદરથી ક્ષય રૂપી દંભનો કીડો કોતરીને ક્ષીણ કરતો જશે. કોમની અંદર સેવા બજાવનાર આગેવાનો કેવા હોવા જોઇએ તેને માટે એક વિદ્વાન લખે છે કે—" Leaders of the learned must be themselves learned, leaders of the wise themselves wise but leadersof the blind must not be themselves blind." એટલે કે "વિદ્વાનોના આગેવાન તરીકે વિદ્વાનો હોવા જોઇએ તેમજ સમજુ માણસોના આગેવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ બુદ્ધિશાળી હોવા જોઇએ, પરંતુ અંધ શ્રદ્ધાથી વર્તનાર જનસમૂહના આગેવાનો અંધ ન હોવા જોઇએ. " આવી રીતે જાહેર પ્રજાની સખાવત ઉપર આધાર રાખી જે જે જાતની પ્રવૃત્તિ કરવા સારૂ જે જે વ્યક્તિઓ પુરતો આત્મભોગ આપ્યા સિવાય તેમજ પોતાની જવાબદારીનું લક્ષ્યબિંદુ કયા સ્થાને રાખવું જોઇએ તેનો ખ્યાલ રાખતા નથી તેઓ જનસમૂહનો જોઇતો વિશ્વાસ લાંબે વખતે પણ ગુમાવ્યા સિવાય રહેતા નથી; એક વિદ્વાને વ્યાજબીજ કહ્યું છે કે–" થોડા માણસો થોડા વખત સુધી ઠગાય છે, થોડા માણસો બધા વખત સુધી ઠગાય છે, બધા માણસો થોડા વખત સુધી ઠગાય છે; પરંતુ બધા માણસો બધા વખત સુધી ઠગાતા નથી " એટલે કે લાંબે વખતે પણ જનસમાજમાં પારમાર્થિક વૃત્તિથી કરવામાં આવતી સેવાઓ છુપી રહી શકતી નથી. જેવી રીતે હાથના કંકણ જોવા સારૂ જેમ આરસીની જરૂર હોય નહિ તેવીજ રીતે સેવા ધર્મનાં કાર્ય કરનારાઓ માટે પોતાના કાર્યના સર્ટીફીકેટો રજુ કરવાની પણ જરૂર રહેતી નથી; પંચ બોલે તે પરમેશ્વર તે ન્યાયે પણ કાર્યની કીમત સમજનારા હોયા વિના રહેતા નથી. તેટલાજ સારૂ સેવા ધર્મ બજાવનારે પોતાના ચારિત્ર સદ્‌વર્તન અને જાહેર સેવા બજાવવાની પોતાની આવડત પ્રજા સન્મુખ રજુ કરવાથી; જાહેર પ્રજા કુદરતી રીતે અંતઃકરણથી પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થશે. દિલગીરીની વાત એ છે કે અત્યારે જૈનસમાજમાં આવી વ્યક્તિઓ ભાગ્યેજ જોવામાં આવે છે કે જેના તરફ દૃષ્ટિ ફેરવવાથી કોમના હિતના પ્રશ્નોનો જલદીથી નિવેડો આવી જાય. અત્યારે કોમના મધ્યમ અને ગરીબ વર્ગની કઇ સ્થિતિ છે અને તેમના આજીવિકાના સાધનો મેળવવામાં કયે ઠેકાણે મુસીબતો છે તેનો વિચાર કરવા સારૂ એક પણ સંસ્થા નથી; અમુક માણસોજ કોમનું હિત કરવાને લાયક છે અને તેઓથીજ કોમનું ભલું થઈ શકશે, એ વિચારો ઉપર જનસમાજ વિશ્વાસ રાખી બેસી રહે તે જમાનો હવે રહ્યો નથી; પણ અત્યારે તો જનસમાજના ભલા માટે કયા માણસો ઉપયોગી થઇ પડે તેમ છે અને કોમનું હિત સાચવી Practical ( વ્યવહારીક ) કાર્ય કોણ કરી શકે છે તે ઉપરજ પ્રજાનો મોટો ભાગ લક્ષ આપે છે તે એક શુભ ચિન્હ છે. જ્યારે જૈન સમાજનું લોહી અનેક જાતની સાંસારિક તેમજ ધાર્મિક સ્થાવર અથવા જંગમ તીર્થોની થતી અવદશા ને લીધે તપી ગયું હોય તેવે સમયે તેને શાંત પાડવા સારૂ, જૈન સમાજની સખાવતના નામે ચલાવવામાં આવતાં મંડલ મારફતે જાહેર જૈન પ્રજાના વિચારોનું વાતાવરણ ફેલાવવા સારૂ જે જે ઠેકાણેથી માહિતી મેળવી શકાય તેવી જાતના પ્રયત્નો ખાસ કરવા જોઇએ. અને જનસમાજના મોટા ભાગને રૂચિકર વાણી જાહેર વર્તમાન પત્ર મારફતે પીરસવામાં આવે તોજ કોમનું ધ્યેય સમજી શકાય તેમ છે; મુંબઇ જેવા શહેરમાં પરોઢીયું થતાં પારસી કોમના અરધો ડઝન જેટલા કોમી વર્તમાન પત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખી કોમ સમક્ષ રજુ થતાં, આખી પારસી કોમની અગવડતાઓ મુશ્કેલીઓ અને કયે ઠેકાણે શેની જરૂર છે તે આખી પારસી કોમ તત્કાલ જાણી શકે છે. અને તેને લગતા ઉપાયો પણ તાત્કાલીક લેવાના અનેક લખાણો વાંચી શકાય છે. ત્યારે અફસોસની વાત છે કે જૈન કોમ તેમાં જરૂર એ મગરૂરી લઇ શકે તેમ નથી; જાહેર સખાવતથી ચલાવવામાં આવતા મંડળ મારફતે નીકળતા માસિકમાં પણ જો મધ્યમ વર્ગ અને જનસમાજના અજ્ઞાનમાં અજ્ઞાન મનુષ્ય સમજી શકે તેવી જાતની કોમી માહિતી મળી શકતી ન હોય અને કોઇ ચોકસ એક જાતના સાહિત્યના લખાણુ ઉપરજ; જૈન સમાજને વિશેષ લક્ષ ખેંચવા સૂચનાઓ થતી હોય તો લેખકના નમ્ર અંગત વિચાર મુજબ અત્યારે જૈન સમાજનો લગભગ મોટો ભાગ ભાગ્યેજ આવા વિષયમાં રસ લેતો હોય છે; અત્યારે જૈન સમાજને ચાલુ જમાનાને અનુસરતા, કોમની ઉન્નતિ થવા સારૂ; પ્રચલિત કોમની બેકારી, કેળવણી, ધાર્મિક કેળવણી, આર્થિક સ્થિતિ નિરાશ્રિતો તથા વિધવાઓ તેમજ ગૃહસ્થ જીવનમાં તેમજ આ છેવટની શરૂઆતમાં રજુ કરવામાં આવેલ હાજતો સંબંધી જૈનોની શું સ્થિતિ છે આવી આવી જાતના અનેક પ્રશ્નો ઉપર લક્ષ આપવાની જરૂર છે; ખેદની વાત તો એ છે કે જૈન કોમમાં ગ્રેજ્યુએટોની સંખ્યા વધતી જતી હોવા છતાં આવા પ્રકારની જૈન સમાજની સેવા તરફ કેમ લક્ષ આપવામાં આવતું નથી તે સમજી શકાતું નથી. (ચાલુ.)

# *મનુષ્ય જીવનની સાર્થકતા.

મનુષ્ય દેહ ધારણ કરવો અને મનુષ્યત્વ શું છે, અને મનુષ્ય દેહ શાને માટે છે તેનું જો તે મનુષ્યને ભાન ન હોય તો મનુષ્યપણું મળ્યું તોએ શું અને ન મળ્યું તોએ શું ! ઉદર પોષણ સૌ એ કરે છે. પાશેરના પેટ માટે વૈતરૂં તો સૌએ કરે છે. પશુને પણ પોતાનું પેટ ભરતાં આવડે છે, નાના જનાવરો ઉપર તરાપ મારતા આવડે છે, છતાં એ કેમ તેને સૌ કોઈ સમજણ વિનાનું જાનવર કહે છે ? ફરક માત્ર એટલોજ કે પશુની આત્મ શક્તિ બાહ્ય વાતાવરણોને લઈ દબાઇ ગઇ હોય છે ત્યારે મનુષ્ય પોતાના આત્માને ધારે તેમ ફેરવી શકે છે. પશુને પોતાની જાતિને માટે કશીએ લાગણી નથી હોતી તેને તો ફક્ત પોતાનું જ ભાન હોય છે. જ્યારે મનુષ્ય પોતાને માટે, પોતાની જાતિને માટે અને આખા જગત પ્રત્યે પોતાને શી શી ફરજો અદા કરવાની છે, તે બધુંએ સમજી શકે છે. મનુષ્યની ફરજોની મર્યાદા હજી આટ-

* શ્રી જૈન બાળ મિત્ર મંડળ તરફથી લખાયેલ ઇનામી નિબંધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેથી પણ બંધાય નહી. જો આટલીજ હદ હોત તો મનુષ્ય અને પશુમાં ઝાઝો ફરક ન હોત. પશુ આત્મા અને પરમાત્માને નથી ઓળખી શકતો; તે તો બીચારો મળેલા જન્મને ભોગવવામાંજ તેનું સાર્થકપણું સમજે છે, અને આ જન્મમાં પરભવની જરાપણ પરવા રાખ્યા સિવાય, અજ્ઞાનતાને લઇ સઘળુંએ સુખ, સઘળીએ વિષય વૃત્તિ અને દરેક જાતની હિંસાનું પોષણ કર્યે જાય છે. મનુષ્યને તો પોતાના આત્માની અને તેની ઉપર પરમાત્માની બીક હોય છે. પરભવનું જ્ઞાન તેને આ પાપના પોટલામાંથી કેટલેક દરજ્જે બચાવે છે. તે સમજે છે કે મનુષ્ય જીવન સાર્થક કરવું એટલે આ જન્મને માટે જ નહી પણ, આગળ ઉપરના જન્મમાં પણ, સુખ મળે એવા પ્રયત્નો કરવા અને શક્તિ અને હિમત હોય તો જન્મ મરણના ત્રાસમાંથી છુટવું. જ્યારે પશુને એકલી ઐહિક વૃત્તિઓનું ભાન હોય છે ત્યારે મનુષ્યને ઐહિક અને પરમાર્થિક બન્ને વૃત્તિઓનું ભાન હોય છે, જો કે તેમાં એ દરજ્જા તો હોય છે જ. કોઈ આત્માને અજ્ઞાન વધારે પ્રમાણમાં તો કોઇ આત્માને અજ્ઞાન થોડા પ્રમાણમાં હોય છે. પણ એટલું તો કહેવું જ પડશે કે મનુષ્યને પોતાની ફરજોનું હંમેશ ભાન હોય છે, પછી કદાચ સ્વાર્થને લઇ એ ફરજોને ઘડી બે ઘડી છાજલીએ મુકીદે એ વાત જુદી. એને આદર્શોનો ઝાંખો ખ્યાલ તો હોય છે જ. ટુંકામાં કહીયે તો દરેક મનુષ્યને ' મનુષ્ય જીવનની સાર્થકતા શેમાં છે એનો થોડો તો ખ્યાલ હોય છે. ઉપોદ્ઘાત રૂપે આટલું સ્પષ્ટીકરણ કર્યા પછી આપણે હવે ' સાર્થકતા 'નું ચિત્રપટ દોરીશું. આ સાર્થકતા કેમ પેદા થાય એ સંબંધી સહેજ પીંછી ફેરવી અને પછી એ આદર્શત્વની પ્રભુતાના પ્રવાહમાં સહેલ કરી, એ આદર્શતાના સ્વર્ગીય સુખના માનસિક લ્હાવા લઇ વિષયને સમાપ્ત કરીશું.

મનુષ્ય પોતાનું જીવન સાર્થક બનાવી શકે તે પહેલાં તેને સાર્થકતાનું ભાન હોવું જોઇએ, સાર્થકતાનું ભાન આવે તેને માટે પ્રથમ પગથી તરીકે, તેણે કેટલાક આદર્શો કેળવ્યા હોવા જોઇએ, આદર્શો વિનાનું સાર્થકપણું એ સંભવતું જ નથી. જોવાની શક્તિ વિનાનો મનુષ્ય જેમ કહે કે હું બધુ દેખી શકું છું, અને તેના એ કહેવામાં જેટલું સત્ય હોય એટલું સત્ય આદર્શ વિનાના સાર્થકપણામાં સંભવે. આ આદર્શતા, ઈંગ્રેજી કવી મેથ્યુ આરનોલ્ડ કહે છે તેમ “ ગૃહ, સંપત્તિ, ભૂમિ, માન, અને ખુશામતીયાની જોડે નથી આવતી. તે દુનિયાની બજારોમાં વેચાતી અગર ખરીદાતી નથી, પણ તેને મેળવવા માટે, દિવસોના દિવસો વીતાવવા પડે છે, મનુષ્યોની સંસાર જાળથી તેને અળગા થવું પડે છે, કોઇની પણ સહાય લીધા વગર, પોતાના બળ ઉપર મુસ્તાક રહી, એકાકી જીંદગી ગાળવી પડે છે અને ફકત હૃદયના પ્રોત્સાહનથી જીવવું પડે છે. ટુંકમાં કહીએ તો આત્માને જાગ્રત દશામાં આણવો પડે છે અને આત્મિક પ્રકાશથીજ કાજળરૂપ અવનિમાંથી આદર્શો ખોળવા પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આ આદર્શો દુનિયામાં રહી દુનિયાની સેવા કરીને પણ મેળવી શકાય છે. દુનિયાની સેવાના અંતિમ પગથીયે ચઢનાર વ્યક્તિ, તે માટેની જોઇતી કેળવણી, ગૃહ સેવા, જાતિ સેવા, દેશસેવા ઇત્યાદિમાં મેળવે. ગૃહસેવા એટલે માતા-પિતા પ્રત્યે અનન્ય ભકિત, સ્ત્રી અને પુત્રો પ્રત્યે પોતાની ફરજો અદા કરવી. અને ગૃહ જીવનને કેમ આદર્શ બનાવવું તે; જાતિની સેવા એટલે પોતાની જાતિ, અને સંકુચિત અર્થમાં પોતાના સહધર્મીઓની સેવા. જ્યાં સુધી આપણો એક પણ સહધર્મી રોટલા વિના રઝળતો હોય, શરીર ઢાંકવાને વસ્ત્રના પણ સાંસા પડતા હોય, ગરીબ બીચારી વિધવાઓના પોકારથી સંઘ ગાજી રહ્યો હોય ત્યારે ખરા ધર્મી ભાઇથી મોઝ શોખમાં પૈસા ખરચાય જ કેમ, ઐહિક કૃત્યોમાં ન જોઇતો ખર્ચ કરાય જ કેમ, અને પોતાના જીવનનિર્વાહ માટે જોઇતી જરૂરીયાતો ( necessities of life ) સિવાય બીજી જરૂરીયાતો માં પોતાની સંપત્તિને વેડફી દેવાય પણ કેમ ? આપણા વરા ગૌરવ ઈત્યાદિ કરવા પડે તો કરવા જોઇએ પણ તે સમય વીચારી ને જ, બીજા ભાઇયો તરફ દૃષ્ટિ રાખીને જ, અને તે પણ ખાસ જરૂર જેવું લાગે તો જ.

આ વિષય પરત્વે વધારે સ્પષ્ટિકરણ ઉચિત નહીં લેખાય.

સાધર્મી સેવા પછી દેશ સેવા આવે છે. કહ્યું છે કે " જે મનુષ્ય પોતાના દેશની સેવા નથી કરી જાણતો તે માણસ જીવતો હોય તો પણ મરેલા માફકજ છે." દેશ સઘળી બાજુઓથી રીબાતો હોય, દેશના ભાઇયોને પ્રાથમિક કેળવણીના પણ સાંસા પડતા હોય, દેશની સ્ત્રીયો જયારે ગુલામ કરતાં પણ અધિક માનસિક યાને શારિરીક વેદના ભોગવતી હોય, દેશનો માલીક પાશવ વૃત્તીયોને પોષવામાંજ જીંદગીની મઝા માનતો હોય, ગરીબોના લોહી ચુસી ખીસ્સા તર કરતો હોય ત્યાં ખરા દેશ ભક્તને ઉંઘ પણ કેમ આવે ? આજના કહેવાતા રાજાઓ ધર્મસ્થાનોપર તરાપ મારવામાં જરા પણ અચકાતા નથી, એનું એકજ કારણ અને તે આપણી ગાઢ નિદ્રા. નહીતર એક બાજુ દેશનું અસહ્ય રૂદન અને બીજી બાજુ તેજ દેશના એક અંગનું સુખભર્યું સ્વપ્નુ આ સંભવેજ કેમ ? મનુષ્ય જ્યારે આ ફરજો બજાવી ચુકે ત્યારે તેને પોતાની શક્તિઓનો ઉપયોગ દુનિયાની ઉન્નતિ માટે કરવો જોઇયે. આપણે જોઈ રહ્યા છીયે કે આજે પાશ્ચાત્ય પ્રજા હિંસાનો ડગલે ડગલે ઉપયોગ કરે છે પશુ-પક્ષીના જીવનને વાસ્તવીક જીવન ગણતાં પણ અચકાય છે તો તેવે અવસરે અહિંસાના આદર્શો પાળનાર ધર્મો જો તેમની વ્હારે ન ધાય, તેમને અજ્ઞાનતા અને અવનતિના ખાડામાંથી ન બચાવે તો એ ધર્મ અસ્તિત્વમાં હોય તો એ શું અને ન હોય તો એ શું ?

હવે છેવટે મનુષ્યની ધર્મ પ્રત્યેની ફરજો તરફ આવીયે. અમુક એક ધર્મમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખી દુનિયાની ઐહિક અને પારમાર્થિક પિપાસાઓ તૃપ્ત કરે એટલું સાહિત્ય જળ હોય, દુનીયાના જબરમાં જબર યોગીયોને ઝાંખા પાડે એવું યોગીપણું હોય. આખી દુનિયા જે આત્મા અને અસ્તિત્વના સવાલોમાં ઘુંચાઇ છે તે સવાલોનો સહેલાઇથી દલીલ સાથે, નિર્ણય કરવાની અપૂર્વ શક્તિ હોય, છતાં એ ધર્મને માનનારા મનુષ્યો એ શક્તીયોનો લાભ ન લે તો પછી એનાં કરતાં કયુ વધારે કમભાગ્ય. શક્તીયો એકલી કાંઇ કામ નથી કરી શક્તી. એ શક્તીયો પણ જોઇએ અને સાથે સાથે એના પ્રતિપાલન કરનારા અને એ શકતીયોનો બીજાને ખ્યાલ આપનાર ઉત્તમ પંડીતો પણ જોઇએ. જડ વસ્તુઓ એકલી કાંઇ કામ નથી આવતી, એ જડ વસ્તુના ઉપયોગ કરનારા અને જ્ઞાતા તો જોઇએ જ. એટલે આવા મહર્ષિયો અને ઉત્તમ પંડીતો પેદા કરવા, તે ધર્મના સાહિત્યમાં નવું જીવન રેડવું, તે ધર્મના ન્હાના બાળકોમાં ધાર્મિક કેળવણીનો પાયો મજબુત કરવાને સતત પ્રયત્ન કરવો, અને છેવટે તે ધર્મની સુવર્ણ ધ્વજ ધરતીને ચારે છેડે ફરકાવવી, એ આપણા. આદર્શો ખોલનાર મનુષ્યની ફરજ છે.

હવે એની છેલ્લી ફરજ પોતાના આત્મા ઉપર અદ્દા કરવાની છે. મનુષ્યની અનંત શક્તીયો હોય છે પણ બહુધા તે, બાહ્ય વાતાવરણને લઇ ઢંકાયેલી માલુમ પડે છે. આ બાહ્ય વાતાવરણ રૂપી પડલને દૂર કરવા માટે તપની ખાસ આવશ્યક્તા છે. તન અને મનના તાપ વગર આત્મા કદાપિ નિર્મલ થતો નથી. તનતાપ કરતાં પણ મનતાપ ઉપર વધારે લક્ષ આપવું જરૂરનું છે. પરંતુ તનતાપ એ પણ મનતાપનું પહેલું પગથીયું છે એ ભુલાવું ન જોઇએ.

બીજું, તેને જેટલો પોતાનો આત્મા પ્રિય હોય છે તેવી રીતે બીજા આત્મા તરફ પણ તેને તેવોજ ભાવ જોઇએ. કોઇ પણ જીવની વિરાધના, મનસા, વચસા અને કર્મણા પણ થાય તો તેમાં તેના પોતાનાજ આત્માનો ઘાત થયો એમ લાગવું જોઇએ, સઘળા આત્માઓ સરખાજ છે. ગજ અને કીડી બન્ને આત્મિક દૃષ્ટિયે સરખાજ છે તેનું તેને સારી રીતે ભાન થવું જોઇએ.

ત્રીજું ઇંદ્રિય દમન એટલે પાંચ ઇંદ્રિયોના વિકારોને રોકવાની તેનામાં તાકાત જોઇયે. હંમેશાં લાલસા માણસને હેવાન બનાવા દે છે. રસાસ્વાદમાં લુબ્ધ બનેલો માણસ નથી ગરવા કરતો એના મનુષ્યત્વની કે એના ધર્મની. વળી બ્રહ્મચર્ય, માનસિક, વાચિક અને કાયિક ગુપ્તિ આદીનો સંયોગ હોય તો ઘણુંજ સારૂ. મનુષ્ય ભવને સાર્થક કરવાની ઇચ્છા રાખનાર માણસ કષાય ને તો જેમ બને તેમ વધુ જીતવા પ્રયત્ન કરેજ.

આ પ્રમાણે જેઓ આવા આદર્શો કેળવી શકે અને એ આદર્શો તરફ નિરંતર શ્રદ્ધાથીજ જોતા હોય એને જ હું સાર્થક માનવી કહીશ. કારણ મનુષ્ય જીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નને સાર્થક કરવાની શક્તીયો તેનામાં જરૂર આવવાની જ, અને છેવટે તેવાજ મનુષ્યોથી ન્યાત, જાત, દેશ, અવનિ અને ધર્મ પ્રત્યે અપૂર્વ સેવા થવાની.

અહીંયા સુધી આપણે આદર્શો વર્ણવ્યા, અને તેને કર્તવ્ય પંથે મુકવાના ઉપાયો યોજ્યા. હવે આપણે એ જોઈયે કે આ આદર્શો ખોળવાની શક્તિ મેળવવા માટે, કઇ કઈ જરૂરી ચીજોની પ્રાપ્તિ કરવી પડે.

તેને પહેલી જરૂરીયાત બાળપણના સંસ્કારોની છે. આ સંસ્કારો માટે, માતાપિતા બહુધા જવાબદાર હોય છે. ' કુમળુ ઝાડ જેમ વાળ્યું તેમ વળે ' એ કહેવત પ્રમાણે બાળકોને પણ ન્હાનપણમાં જે ટેવો સચોટ રીતે પાડી હોય તે ટેવો જીંદગીભર તેઓ ભૂલે નહીં. આ ટેવો જેટલે દરજ્જે સારી અને ધર્મભાવનાથી મિશ્રિત તેટલે દરજ્જે આત્માને પોષક અને જેટલે દરજ્જે ખોટી તેટલે દરજ્જે આત્માના ગુણોનો શોષક.

બીજી જરૂરીયાત કેળવણીની. બાળકોને પહેલેથીજ સુશિક્ષિત શિક્ષકોને હાથે કેળવવા જોઇયે, કેળવણીની અંદર ધાર્મિક અને વ્યવહારિક આ બન્ને જાતની કેળવણીનો સમાવેશ થાય છે. પ્રથમથી જ પ્રભુતાના પાઠો શીખવવામાં આવે તો તે બાળકો તેમના મનુષ્ય જીવનમાં કદીપણ લઘુતાના રસ્તા આદરે નહી, અને તે રસ્તાઓની અનુમોદના પણ ન કરે. ખાસ કરીને મનુષ્યના જીવન ઉપર બાળ લગ્ન ઘણીજ ખરાબ અસર કરે છે, બાળ લગ્ન એટલે વિધવા વિલાપ, સ્રીયોની કરૂણદશા. પુરૂષોની તરૂણતાનો વિનાશ અને મનુષ્ય જીવનના આદર્શત્વ ઉપર કારી ઘા. કેળવણીના પ્રશ્નને જો કોઇ પણ વસ્તુ વધુમાં વધુ બાધ કરતા હોય તો તે બાળ લગ્ન છે.

ત્રીજી જરૂરીયાત સંત પુરૂષનો સમાગમ. ઇગ્રેજીમાં કહેવત છે કે " A man is known by the company he keeps. " કવી દલપતરામ પણ એજ ભાવના સ્પષ્ટીકરણ માટે લખે છે કે " બુરા સંગે બુરો બને, રૂડા સંગે રૂડો બને " જેટલી અસર વસ્તુ પોતે નથી કરી શકતી એટલી અસર બાહ્ય વાતાવરણ મનુષ્ય ઉપર પાડે છે.

આ આદર્શો પાળવા એ કાંઇ જેવી તેવી વસ્તુ નથી. સૃષ્ટી હજુ આવા આદર્શ મનુષ્યો ગણ્યા ગાંઠયાજ પેદા કરી શકી છે. મનુષ્ય જીવનને સાર્થક કરવું એટલે તેને મૂળમાંથી સીધું કરવું, દુનિયામાં કેટલેક દરજ્જે ગાંડા બનવું, અને કેટલેક દરજ્જે દુનિયાને અલગ કરવી. હંમેશા દુનિયાના ગાંડાજ શાસનની અપૂર્વ સેવા કરી રહ્યા છે. જેને દુનિયા નીંદે છે, જેની મશ્કરીઓ કરવામાં ગાંડી દુનિયા મજાહ માને છે તેવા પુરૂષોજ એ ગાંડી દુનિયાનો વ્હેમ સીધે માર્ગે લઇ જવામાં સહાયભૂત હોય છે. ઇંગ્રેજી કવિ રસ્કીન તો એટલે સુધી કહે છે કે દુનિયા હજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દુધ પીતું બાળક છે, તેનામાં સમજ શક્તિની ઘણી ખોટ છે. માટે દુનિયાના ત્રાજવામાં નમવાનો ધ્યેય સુજ્ઞ જનોનો હોયજ નહી. દુનિયાને નમતું આપવું દુનિયા કહે તેમ કરવું અને દુનિયાના નિંદાથી બ્હીવું એ કાયર મનુષ્યોનું કાર્ય છે, એ તો મૂઢતાની નીશાની છે અને આદર્શોને મૂળમાંથી છેદવામાટે કાતીલ કટારી સમાન છે, હંમેશાં દુનિયાના પરોપકારીયોને દુનિયા પ્રથમ તો પત્થરોજ મારે છે, સાન તો એને પછી આવે છે. દુનિયા મનુષ્યના પગ ભાંગવામાં અને તેને આદર્શત્વના અંતિમ પગથીએથી પટકવામાંજ સંતોષ માને છે, આદર્શત્વમાં એ કદીયે ગૌરવ જોતી નથી માટે "મનુષ્ય જીવનને સાર્થક" કરવા ઇચ્છનાર ભાઇ સદાએ પોતાના બાહુબળ ઉપર વિશ્વાસ રાખી શાસ્ત્ર વચન ઉપર શ્રદ્ધા રાખી, દુનિયાની જરાએ પરવા રાખ્યા વગર આગળ વધે એટલે નકકી ફતેહ છે ! ! !

## પરિશ્રમ અને કાર્ય.

લે. વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક ત્રણ પૃષ્ટ ૮૯ થી શરૂ. )

ગત પ્રકરણોમાં આપણે એમ જોયું કે સંસારમાં પ્રવેશ કરતાં વેંત યુવક કુસંગતમાં પડી જાય છે તો તેનું પરિણામ એ આવે છે કે તેનું સમસ્ત જીવન નષ્ટ થઇ જાય છે. એવી રીતે નષ્ટ થતું બચાવવાનો ઉપાય ઉત્તમ જનોની સંગતિમાં રહેલો છે તવાજ સારો ઉપાય કોઇ કાર્યમાં જોડાઇ જવામાં પણ છે. પ્રાયે કરીને યુવક પોતાના માતાપિતાના વિશ્વાસ ઉપર જ પોતાના જીવનનો સર્વોત્તમ ભાગ–યુવાવસ્થા નષ્ટ કરે છે અને બાકીનું જીવન ઘણીજ ખરાબ અવસ્થામાં વ્યતીત કરે છે. જો સંસારમાં પ્રવશ કરતાં વંત યુવક કોઇ કામમાં જોડાઈ જાય તો તેને માટે કુમાર્ગમાં ફસાઇ જવાનો ઘણોજ થોડો સંભવ રહેલો છે. ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે જે લોકોને કોઇ જાતનો કામધંધો નથી હોતો તેઓજ કુકર્મમાં પ્રવૃત્ત થાય છે. જેઓનો બધો સમય ઉપયોગી અને આવશ્યક કાર્યોમાં પસાર થાય છે તેઓને દુષ્ટ લોકોની સાથે રખડવાની અને કુમાર્ગે જવાની ફુરસદજ નથી રહેતી. એક ઇંગ્રેજી કહેવતનો પણ એવો અર્થ છે કે સેતાનોનો અધિકાર ખાલી હાથ ઉપરજ ચાલે છે. અર્થાત્ જે લોકો કોઈપણ જાતનો ઉદ્યોગ અથવા કાર્ય નથી કરતા તેઓજ કુમાર્ગમાં ફસાઇ પડે છે. એટલા માટે એક વિદ્વાને કહ્યું છે કે મનુષ્યને સદાચારી બનાવવાનું સૌથી સરસ સાધન ઉદ્યોગ અથવા કાર્ય છે. કાર્યજ મનુષ્યને શાંત, કર્તવ્ય–પરાયણ, ધીર, નમ્ર, પરિશ્રમી અને સાહસી બનાવે છે. જો વાસ્તવિક દૃષ્ટિએ જોઇએ તો કાર્યજ મનુષ્યો અને જાતિઓના જીવન તથા તેની સ્થિતિ અને ઉન્નાતનું કારણ છે. કાર્યવગર ઉન્નતિ તો દૂર રહી, પરંતુ કોઈનું અસ્તિત્વ રહેવુંજ અશકય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં એવા લોકોની સંખ્યા ઘણીજ નાની હોય છે કે જેઓને આ જન્મે કોઇપણ પ્રકારના પરિશ્રમ કરવાની જરૂર નથી પડતી અને જેઓ આરામથી પડ્યા પડ્યા બાપદાદાની કમાઇ પર પોતાનું જીવન ગુજારતા હોય છે. અને જો એવા કોઇ હોય તો પણ આપણે માનવું તો પડશે કે તેઓ કાર્યવગરનું જીવન ગુજારીને એક જાતની આત્મહત્યા કરી રહ્યા છે. એવા લોકોને પણ ઘણે ભાગે કાંઇ ને કાંઈ કાર્ય, કાંઇને કાંઇ ઉદ્યોગ, કાંઇને કાંઇ પરિશ્રમ કરવો જ પડે છે. અને જે લોકો કોઈ પ્રકારનો ઉદ્યોગ અથવા શ્રમ નથી કરતા તેઓ પોતાના જીવન તથા વૈભવનો નાશ કરે છે. ઉલટું સંસારમાં એવાજ લોકોની સંખ્યા ઘણી મોટી હોય છે કે જેઓને પોતાના જીવનનિર્વાહ માટે અનિવાર્ય રીતે કાંઇને કાંઇ પરિશ્રમ અથવા કાર્ય કરવું પડે છે અને એવાનું જીવન જ સાર્થક છે. પરિશ્રમ અથવા કાર્યવગર જીવનનો યથાર્થ ઉપયોગજ નથી થઈ શકતો. આપણી પાસે પુષ્કળ સંપત્તિ હોય, આપણને સંસારમાં કોઈપણ વસ્તુની ન્યુનતા ન હોય તોપણ જીવનનો યોગ્ય ઉપયોગ કરવાને અને તેનું વાસ્તવિક સુખ મેળવવાને માટે આપણે યથાસાધ્ય પરિશ્રમ અથવા કાર્ય કરતા રહેવું જોઇએ.

પરિશ્રમ અથવા કાર્ય કરવામાં આપણી કોઇપણ પ્રકારની અપ્રતિષ્ઠા છે એમ માનવું ભૂલ ભરેલું છે. ખરી અપ્રતિષ્ઠા તો કામ ન કરવામાં રહેલી છે. સંસારમાં સુખનાં જેટલાં સાધનો છે તે સર્વની પ્રાપ્તિ કાર્ય કરવાથી જ થાય છે અને જેટલાં કષ્ટ છે તે સઘળાં અકર્મણ્ય રહેવાથીજ ઉત્પન્ન થાય છે. સદાચાર, કીર્તિ અને વૈભવ એ ત્રણે વસ્તુ પરિશ્રમનાં ફળરૂપ છે. અકર્મણ્યતાથી મનુષ્ય દુરાચારી, નીચ અને દરિદ્ર બને છે. પરિશ્રમી અને કાર્ય–પરાયણ લોકો બીજા દેશોમાં જઇને રાજ્ય કરે છે અને આળસુ તથા અકર્મણ્ય લોકો કાં તો ઘરમાં પડ્યા પડ્યા કષ્ટ ભોગવે છે અને કાં તો બહાર નીકળીને ઠોકરો ખાય છે. જે જાતિના લોકો પરિશ્રમ અને કાર્ય કરે છે તેજ જાતિ ઉન્નતિના સર્વોચ્ચ શિખર ઉપર પહોંચે છે. અને જે જાતિના લોકો કામચોર અથવા અકર્મણ્ય હોય છે તે જાતિ નીચે પડતી પડતી છેવટે નષ્ટ થઈ જાય છે.

ઇતિહાસ પણ એ વાતની સાક્ષી પુરે છે કે પરિશ્રમી જાતિ હમેશાં સ્વતંત્ર, સંપન્ન અને સુખી રહે છે તથા નિરંતર ઉન્નતિપંથે આગળ વધ્યે જાય છે; અને જે જાતિમાં અકર્મણ્યતા આવી જાય છે તેને પરાધીન, દરિદ્ર અને દુઃખી થતાં વધારે વાર નથી લાગતી. આપણા દેશનોજ દાખલો લઈએ. જે સમયે આ દેશના નિવાસી પ્રાચીન આર્યો પરિશ્રમી અને કાર્યપરાયણ હતા તે સમયે આ દેશ વિદ્યા કળા, ધર્મ, નીતિ વિગેરેમાં બીજા દેશો કરતાં ગુરૂ સમાન અને વૈભવમાં રાજા સમાન હતો. તે લોકો પરિશ્રમી અને કર્મશીલ હતા તેનો પુરાવો ઘણા પ્રાચીન ગ્રંથો-માંથી મળી આવે છે કે જેની અંદર યથાસાધ્ય પરિશ્રમ કરવા ઉપરાંત દેવતાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસેથી યથેષ્ટ ફળ પ્રાપ્ત કરવાની પ્રાર્થનાઓ કરવામાં આવી છે, જ્યારે ચીન દેશના લોકો પરિશ્રમ અને કાર્યનું મહત્વ બરાબર સમજતા હતા ત્યારે તે દેશ પણ ઉન્નતિની ચરમ સીમા સુધી પહોંચી ગયો હતો. પ્રાચીન સમયના ચીના લોકો પોતાની જરૂરીયાતના બધા પદાર્થ પોતેજ ઉત્પન્ન કરવામાં ઘણા સિદ્ધ હસ્ત હતા. અને તેને લીધેજ અદ્યાપિ પર્યંત તેઓની પ્રસિદ્ધિ ટકી રહેલી છે. તે દેશના લોકો પ્રાચીન આર્યોની માફક ઘણાં જ ઉત્સાહપૂર્વક ખેતીવાડી કરતા હતા અને તેને માટે શારીરિક પરિશ્રમ કરવામાં તેઓ પોતાની અત્યંત પ્રતિષ્ઠા સમજતા હતા. તે એટલે સુધી કે દર વર્ષ મજુરીનું કામ રાજા પોતાના હાથેજ શરૂ કરતો હતો. યુરોપની રોમન પ્રજા જ્યારે ઉન્નતિના શિખર ઉપર પહોંચી હતી ત્યારે તે લોકોમાં પણ પરિશ્રમનું ઘણુંજ માન હતું. મહાન વીર પુરૂષો અને યોદ્ધાઓ રણક્ષેત્રમાંથી આવીને ખેતીનું કામ કરતા હતા તથા શારીરિક પરિશ્રમના બીજાં કાર્યો કરતા હતા. પરંતુ જે દિવસથી રોમન લોકો પરિશ્રમને અપમાનકારક ગણવા લાગ્યા તે દિવસથીજ તેઓના અધઃપતનનો આરંભ થઇ ચુકયો.

જાતિઓ અથવા પ્રજાઓની માફક વ્યકિતઓના પણ એવીજ રીતે ઘણા દ્રષ્ટાંતો આપી શકાય એમ છે કે જેમાં નિરંતર પરિશ્રમ અને કાર્ય કરનાર લોકોએ સારો યશ અને વૈભવ પ્રાપ્ત કર્યો છે અથવા જેમાં અકર્મણ્ય મનુષ્યોએ પોતાના પૂર્વજોની કીર્ત્તિ અને સંપત્તિ ગુમાવી દીધી છે. પરંતુ આ સ્થળે એવા ઉદાહરણો આપવાની આવશ્યક્તા નથી. કેમકે એક તો એ સિદ્ધાંત સ્વતઃ સિદ્ધ છે અને બીજું એવા અનેક દાખલાઓ દરેક શહેર અથવા ગામમાં મળી શકે છે. એટલા માટે જો જીવનમાં સૌથી અધિક આવશ્યક અને ચિંતનીય વસ્તુ હોય તો માત્ર એજ કે મનુષ્યની પ્રવૃત્તિ હમેશાં પરિશ્રમ અને કાર્યની તરફ જ રહે અને તે આળસુ અથવા અકર્મણ્ય ન બની જાય. આળસુ અને અકર્મણ્ય બની રહેવાની પ્રવૃત્તિ લોકોમાં સ્વાભાવિક રીતે વધારે હોય છે. એક વખત એક અંગ્રેજ મહાશયે એક મુસાફર—કે જેણે ઘણે ભાગે બધા દેશોમાં મુસાફરી કરી હતી—ને પૂછયું કે " મહાશય ! આપે એવી કઇ વાત જોઇ કે જે સઘળી જાતિઓમાં અને દેશોમાં સમાનરૂપે વિદ્યમાન છે ? " તે મુસાફરે જવાબ આપ્યો કે " મારા જોવામાં આવ્યું છે કે સર્વ લોકો પરિશ્રમ કરતાં અચકાય છે. " ઘણે ભાગે લોકો વિના પરિશ્રમે તેનું ફળ મેળવવા ઇચ્છે છે—ચાલ્યા વગર ઉદ્દિષ્ટ સ્થાને પહોંચવા ઇચ્છે છે. સુપ્રસિદ્ધ વિદ્વાન જેમ્સ મીલને એ વાત એટલે સુધી ખટકી છે કે તેણે લોકોની એવી પ્રવૃત્તિને શાસન—પ્રણાલીની સ્થાપનાનું કારણ ગણ્યું છે. એટલા માટે એટલું કહેવું જોઇએ કે લોકોને આળસુ થતા બચાવવાનો પ્રયત્ન જ સૌથી વધારે આવશ્યક અને મહત્વ પૂર્ણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ' आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ' અર્થાત્ આળસ શરીરમાં રહેલો મનુષ્યનો મહાન શત્રુ છે. આળસુ મનુષ્ય હમેશાં ખિન્ન દુઃખી અને સંતપ્ત રહે છે. એક અંગ્રેજ ગ્રંથકારે લખ્યું છે કે " આળસ આપણાં શરીર અને મનનું ઝેર છે, દુષ્ટતા ઉત્પન્ન કરનાર છે, સમસ્ત દોષોને જન્મ આપનાર છે, સાત મહા-પાતકોમાંનું એક છે, સેતાનને રહેવાનું ખાસ સ્થળ છે. શારીરિક આલસ્યની સાથે સરખાવતાં માનસિક આલસ્ય તો વધારે ખરાબ છે. તે મનનો પ્લેગ છે. એટલુંજ નહિ પણ સાક્ષાત નરક છે. જેવી રીતે બંધ પાણીમાં કીડા પડે છે અને વધે છે તેવીજ રીતે આળસુ મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન થાય છે અને વધે છે, તેવડે આત્માનો નાશ થાય છે. એટલું તો દૃઢતા પૂર્વક કહી શકાય કે આળસુ મનુષ્ય ગમે તેવી સ્થિતિમાં હોય તોપણ તે કદિ સંપન્ન નથી થઈ શકતો. તેને કદિપણ સારા મિત્રો મળી શકતા નથી, તે કદિપણ ભાગ્યવાન અથવા સુખી નથી થઈ શકતો. તેને આખા સંસારની સુખ–સામગ્રી મળી જાય, તેના મનની સઘળી કામનાઓ પરિપૂર્ણ થઇ જાય તોપણ જ્યાંસુધી તે સુસ્ત રહેશે ત્યાંસુધી તેને કદિપણ પ્રસન્નતા નહિ પ્રાપ્ત થાય તેમજ તેનું શરીર તથા મન પણ સારી સ્થિ-તિમાં રહેશે નહિ. તે હમેશાં કલાન્ત, રોગી, ઉદાસ અને દુઃખી રહેશે, તેને સંસા-રની સઘળી વસ્તુઓ ખરાબ જ લાગશે અને જીવન એક બોજારૂપ લાગશે. " કહેવાનું તાત્પર્ય એ છે કે જે મનુષ્ય નિરોગી, સુખી અને સંપન્ન થવા ઇચ્છે છે તેણે આલસ્યનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

જેને આપણે આળસુ કહીએ છીએ તેઓ પ્રાયે કરીને શરીરથી જ આળસુ હોય છે, મનથી નથી હોતા. કોઇપણ માણસનું મન કાદપણ સ્તબ્ધ નથી રહેતું. એટલાજ માટે ગીતાજીમાં કહ્યું છે કેઃ—

> न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
> कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥

આપણાં મનને વ્યાપારહીન અથવા સ્તબ્ધ રાખવું એ કદાપિ સંભવિત નથી. તે તો હંમેશાં ચંચળ રહે છે, કાંઇ ને કાંઇ વિચાર્યાજ કરે છે, કાંઇને કાંઇ કરતું રહે છે. જો આપણે આપણાં મનને કોઇ સારા કાર્યમાં અથવા માર્ગમાં નથી જોડતા તો તે અવશ્ય ખરાબ કાર્યમાં અથવા માર્ગમાં જોડાઇ જશે. જે જમીન ખેડવામાં નથી આવતી તે જમીનમાં નકામું ઘાસ ઉગે છે. એટલુંજ નહિ પણ કાંટાવાળા ઝાડ પણ આપોઆપ ઉગી નીકળે છે. એજ કારણથી કર્મમાર્ગને પ્રધા-નતા આપવામાં આવી છે. પરંતુ આપણા દેશનું દુર્ભાગ્ય છે કે લોકોએ તેનો વાસ્તવિક વિચાર કર્યો નથી અને પ્રકારાન્તરે આળસુ અને અકર્મણ્ય લોકોની સંખ્યા વધી ગઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં આપણુને એવો એક પણુ દાખલો નહિ મળે કે જેમાં કેવળ આલસ્યથી કોઈનું હિત થયું હોય, કે કોઇ વિદ્વાન, બળવાન્ અથવા ધનવાન બની ગયો હોય. પરંતુ એવા હજારો–લાખો દૃષ્ટાંતો મળશે કે જેમાં ઉદ્યોગ અને પરિશ્રમ કરીને લોકો દરિદ્રતા દૂર કરીને સંપન્ન બન્યા છે, મૂર્ખતા દૂર કરીને વિદ્વાન બન્યા છે, દુર્બળતા દૂર કરીને વીર અથવા દુષ્ટતા દૂર કરીને સાધુ બન્યા છે. એક શાખાપર બેસીને તેને જ કાપી નાંખનાર કાળીદાસ મહા કવિ બન્યા, બીરબલ, ટોડરમલ વિગેરે સાધારણુ સ્થિતિમાંથી નીકળીને અકબરના પ્રધાન મંત્રી બન્યા, શીવાજી સરખા એક સાધારણુ સ્થિતિના મનુષ્યે મોટું સામ્રાજ્ય સ્થાપ્યું, નેપોલીયન એક સાધારણુ સિપાઇથી વધીને પ્રાયે કરીને આખા યુરોપનો સમ્રાટ બન્યો અને બાલ્યાવસ્થામાં હમેશાં રોગી રહેનાર રામમૂર્તિએ પોતાની છાતી ઉપર હાથીને ઉભો રાખ્યો. એથી ઉલ્ટું જે લોકોએ કોઇપણુ પ્રકારનો પરિશ્રમ અથવા કામ નથી કર્યું તેઓએ પોતાનો, પોતાના આત્માનો અને પોતાની શક્તિનો ધ્વંસ કર્યો છે. કેમકે એક વિદ્વાનનું એવું માનવું છે કે મનુષ્યનું મન ઘંટી સમાન છે. જો એમાં અનાજ નાખવામાં આવે તો તે પીસાશે અને જો કાંઇપણુ ન નાંખવામાં આવે તો પોતાની જાતને જ ઘસવા માંડશે.

તદ્દન અકર્મણ્ય રહેવું એ પોતાનું જીવન નષ્ટ કરવા બરાબર છે. નાનામાં નાનું સત્કર્મ કરવું એ પણુ સંસારનું કાંઇને કાંઇ કલ્યાણુ કરવા બરાબર છે. સફલતા પ્રાપ્ત કરવાનો અને પ્રસન્ન હોવાનો જો સંસારમાં કોઈપણુ ઉપાય હોય તો તે એ છે કે સાચા હૃદયથી ઉત્તમ કાર્ય કરવું. જગતના કલ્યાણુ અર્થે, માનવજાતિની ઉન્નતિને અર્થે, પોતાના આત્માની શાંતિને અર્થે, પોતાનું આચરણુ સુધારવા માટે અને પોતાનું સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે સૌથી સરસ સાધન કોઇ ઉત્તમ કાર્ય કરવું એજ છે. એક વિદ્વાનનું એમ માનવું છે કે એક દિવસ નવરા રહેવાથી જેટલો થાક લાગે છે તેટલો થાક એક અઠવાડીયા સુધી કામ કરવાથી નથી લાગતો. તેથી પ્રત્યેક મનુષ્યે કાંઇને કાંઇ કાર્ય કરવું જોઇએ. જે મનુષ્ય સાચા હૃદયથી પરિશ્રમ પૂર્વક કાંઇ કાર્ય કરે છે–પછી તે કાર્ય ગમે તેટલું નજીવું હોય તોપણુ–તેનું કાંઇને કાંઈ શુભ પરિણામ આવે જ છે. યુરોપમાં ઘણા દિવસો સુધી લોકો કીમીયા શોધવામાં જ સમય ગાળતા હતા. જો કે એ એક તદ્દન નકામું કાર્ય લાગતું હતું, પરંતુ તેમાં મંડ્યા રહીને લોકોએ અસંખ્ય વૈજ્ઞાનિક સિદ્ધાંતો પ્રાપ્ત કર્યા જેને લઈને આજકાલ જગત તે ક્ષેત્રમાં આટલું બધું આગળ વધ્યું છે.

ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મંત્રી મુદ્રા.

( ગતાંક પૃષ્ટ ૧૪૨ થી શરૂ. )

## પ્રકરણ ૭ મું.

### " પેલે પાર. "

સર્વને શાંતિનો પાઠ જાણે શીખવવાનું ન હોય તેમ વન શાંત ભાસતુ હતું તેના મધ્યભાગમાં એક યુવક પુરૂષ વિચાર મગ્ન બેઠો હતો. તે યુવકના દરેક અવયવો સંપૂર્ણ શોભાને પામી, વનની સુંદર સૌંદર્ય શોભા સાથે સ્પર્ધા કરી રહ્યા હતા, તેના નયનો વનની સર્વ ઘટનાને નિહાળવામાં તલ્લીન થઇ ઇચ્છા પુતિ પુરી થવાથીજ હોયની શું ? એમ નીચે નમેલા હતા, મુખ કમળ પણ અવનવા વિચારોથી ઉત્પન્ન થતાં હર્ષ–ખેદનો વિચિત્ર ભ્રમર, ભ્રમરોથી:વિચિત્ર શોભાને પામ્યું હતું. અને મન સંપૂર્ણ વિચારમાં ઝુકેલું હતું, વિચારની અટપટી ઘટનામાં તેને એજ હર્ષ બિન્દુ હતું કે પિતાજીની મંત્રી મુદ્રા પહેરવાનું મને રાજા જણાવે છે, પણ તે મારે પહેરવી કે નહિં ! એ વિચારોથી વપરાયેલી આત્મિક શકિતઓને એકઠી કરી આ માનસિક પ્રશ્નના ઉત્તરમાં તેણે સીધી દિશામાં વિચાર શ્રેણીને ચલાવી–દોડાવી કે પ્રથમ વિચાર આવ્યો કે શા માટે મંત્રીપદ ન લેવું શું મારામાં કોઇ અપૂર્ણતા છે ? અને તે અપૂર્ણતા હોય તો મને નંદરાજ બોલાવે જ કેમ ? બેશક વેશ્યાનો સંગ એ મારા જીવનની એક આછી ઝાંખપ છે પણ આ ઝાંખી ધૃષ્ટતા મારા ભાવિ જીવનમાં વધારે નુકસાન નીવડશે ? નહીં નહીં તેથી શું ? ઉઠયા ત્યાંથી સવાર બસ, મંત્રીપદની પ્રાપ્તિ એજ મારી જીવન બંસરીનો મધુર મંગળ ધ્વનિ છે. હું મંત્રી થઇશ એટલે એશઆરામ લઇ શકીશ, હુકમ કરી શકીશ, નવમદભરી રમણીઓ પરણીશ, અવનવા ચમન ભોગવીશ, કોશ્યાનો લ્હાવો પણ મળશે, દરેક જણા મારી આજ્ઞા ઉઠાવશે, મારા વચનો ઝીલશે તથા જગતને બતાવી આપીશ કે મંત્રી પુત્ર પણ મંત્રી કુળનો ઉજ્વળ દીપક છે.

અરે......પણ આ ભાગમાં માત્ર એકજ શલ્ય છે કે હું સોડમાં નિરંતર કોશ્યાને બેસારી શકીશ નહીં. નિરંતર તેણીના નિવાસમાં ભોગો ભોગવી શકીશ નહીં, કોમળ કરના ધપ્પા મેળવી શકીશ નહીં, મદનદેવના ઝણઝણાટ કરતું નાટક જોવા બેસી રહીશ નહીં એટલે સર્વથા કોશ્યાનો આનંદ મેળવી શકીશ નહીં તેમજ બીજી લલનાઓનો પણ લાભ લઇ શકીશ નહીં. માત્ર મંત્રિપદના લોભમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધી તરખડ ઉભી થશે. આ ઉપરાંત મંત્રિવટાના મોભામાં હું રાજ્યની ચિંતામાં રખડતો–રઝળતો થઇ પડીશ, મારી જીવન નૌકા સૂની થઇ પડશે. રમણીઓ આલીશાન મહેલમાં મારા નામના નિસાસા નાખશે કોશ્યાની દેહ-લતા કરમાશે અને હું નઠોર થઇ એ દુઃખ જોતો રહીશ.

અહો તે જન્મ્યો ત્યારે તેના રૂદનમાં જગત હસતું હતું અને હસતો હસતો છેલ્લી મુસાફરીએ ગયો ત્યારે સારૂં જગત તેને અશ્રુ પૂર્ણ નેત્રથી સંભારતું હતું. આ દશાએ પહોંચેલ મનુષ્યત્વની રેખામાં સન્માનનીય પદક મેળવનાર તે અભયકુમાર પણ મંત્રિ હતો. આ રીતે મને પણ અદલ ન્યાયવડે જગતનું કલ્યાણ સાધવાની ઉત્તમ તક મળી છે. તો અલ્પ દુઃખની કસોટીમાં આ સોનેરી તક જતી કરૂં–ઐહિક સુખની લાલસામાં નગ્ન સત્યને છેદી નાખું. આ પણ મારી નબળાઇજ મનાય.

વળી નવી વિચાર ધારા પ્રકટી કે–અરે....પીતાજીનું મૃત્યુ. હા....શા....થી થયું ? ........

આ પિતાજીના મૃત્યુનું કારણ પણ મંત્રિમુદ્રા છે, તો આવી વિટંબના કારક મુદ્રાના ગ્રહણ કરવાથી શો લાભ છે ! માટે મંત્રીમુદ્રાનો ત્યાગ કરવો જ ઉચિત છે મંત્રીને સ્નાન, ભોજન, નિદ્રા, સ્ત્રી અને કુટુંબ કબીલાના સુખનો અવકાશજ નથી. ચિંતાને લીધે શરીરસ્વાસ્થ્ય પણ ટકતું નથી. દુર્જનોથી ઉપદ્રવો સહન કરવા પડે છે, દુઃખપરંપરામાં સોસાયા કરવું પડે છે, તો કયો સજ્જન પોતાને જાણી જોઇને દુઃખના ખાડામાં ગબડાવી દે, આ વિચાર શ્રેણી ચાલતી હતી એટલામાં તેને આઘાત લાગ્યો, ને તુરત વિચારનો વેગ ગુલાંટીયું ખાઇ પાછો હઠયો, અને બુદ્ધિએ તોડ કાઢયો કે ભલે ગમે તેવાં દુઃખ સહન કરવાં પડે પરંતુ આખા જગતને પોતાના કબજામાં રાખવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવું, એ, મંત્રીપદને આધારેજ રહેલું છે, શું અભયકુમારે મંત્રીપદમાં ઓછો લાભ મેળવ્યો છે ? તેના અધિકારમાં શી મણા હતી ? તો પછી મહા સુખને માટે અલ્પ દુઃખની પ્રાપ્તિ થાય તેમાં શું હરકત, માટે મંત્રીમુદ્રા લેવી એ ઠીક છે. આ પ્રમાણે બુદ્ધિના બજારમાં ઘણા તેજી મંદીના આઘાત લાગ્યા, મતિસાગરના મુખમાં ઘણા રત્નો ચમકયા અને નિસ્તેજ થયા પણ કાંઇ ચોકસ થઇ શકયું નહિં, એટલે મગજને વિશેષ શાન્તિ આપવી—તેની પાસે એક સુન્દર સરોવર હતું તે તરફ ચાલવા લાગ્યો, ત્યાં જતાંજ કુદરતી લીલાને દેખતાં વિચાર આવ્યો કે—આવું સુન્દર સરોવર પાણી વગરનું થઇ જતાં પક્ષીઓ તેની સામું પણ જોતા નથી, આ આનંદી પક્ષીઓ પણ પાસે રહેલા ફળ વિનાના ઝાડ સામું બીલકુલ જોતા નથી, અને કરમાયેલા પુષ્પ પણ રસલુબ્ધ સ્વાર્થી ભમરાના આવા ગમનથી રહિત બની નિસ્તેજ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહો, આમાં બધે સ્વાર્થનોજ પ્રબળ વિલાસ છે, ખરેખર જગતમાં સ્વાર્થ લગીજ પરને પોતાનું માને છે તો પછી હું મંત્રીપદ લઉ પણ મારામાં સ્વાર્થ દેખશે ત્યાં સુધી સર્વ કોઇ મારૂં થઈ બની રહેશે, ને મારામાંથીજ સ્વાર્થ નહિં દેખાતાંજ કોઇ મારી સામું પણ જોશે નહિં; આમાં પ્રત્યક્ષ દૃષ્ટાંત મારા પિતાજીનું છે.

મંત્રીમુદ્રાથી તો મારે કંઇ કામ નથી. આ પ્રમાણે જ્ઞાનનો પ્રકાશ થતાંજ એકદમ ત્યાં વિવેક મૃદુતા ને વૈરાગ્યે વાસ કર્યો તેનું હૃદય શમરસથી ભીંજાવા લાગ્યું, પરંતુ હજી આમાં એક અડચણ હતી.

કોશ્યા ગણીકાના પ્રેમ ચટકાઓ અત્યાર સુધી લક્ષ્ય બહાર હતા, પણ ઉપરનો વિચાર આવતાંજ મનમાં પ્રશ્ન થયો કે જ્યારે મંત્રીમુદ્રા નથી લેવી તો શું વેશ્યાને ઘેર જવું ? ના ના ત્યાંતો નજ જવું. ગણીકા પણ નિર્ધન પુરૂષને ત્યજે છે. જે કોશ્યાને હું ચાહું છું તે કોશ્યા પણ અત્યાર સુધીમાં પિતાએ મોકલેલ ૧૨ા કરોડ સ્વર્ણ પ્રાપ્તિના સંતોષથી મને ચાહતી હતી. અહો! સજ્જન પુરુષને તેની સંગત પણ ત્યાજ્ય છે.

મારા પ્રબળ પુણ્યબળને ગણીકાની સોબતથી પાયમાલ કરૂં છું એ કેવું શરમ ભરેલું છે? જો કે હજી મારૂં કંઇ પુણ્ય અવશેષે રહેલું છે કે ભ્રષ્ટાચારી એવા મને રાજાએ બોલાવ્યો, મંત્રીપદ આપવા ઇચ્છા બતાવી, પણ મંત્રીપદ વડે થતા જુલ્મોથી એ અવશેષ પુણ્યનો નાશ કરવો, એ મને કોઇ રીતે હિતકર નથી, હું નિષ્પુણ્યક બનીશ ત્યારે કોઈ વેશ્યા કે રાજા મને કામ આવશે નહિં, માટે ગણીકાપરથી પ્રેમ ઉઠાવવો, ને દગાબાજ ગણીકા પરથી પ્રેમ ઉઠાવી નિષ્કપટપણે સેવા કરનારની સતી સાધ્વી–શાંતિની સાથે પ્રેમ સંબંધ જોડવો....માત્ર ગણીકાના હિત ચાહવા બદલે સમસ્ત જગતનું હિત ચહાવું. વળી રાજા પણ કોઇના થયા નથી માટે અવિચારી રાજાની નોકરી કરવા છતાં શુદ્ધ ચૈતન્ય દેવની નોકરીમાં જોડાઈ એકપક્ષી જગતનું હિત આરાધવા કરતાં સર્વ જગતનું હિત સાધવું એજ માત્ર હવે મને ઉચિત છે,

ત્યારે કરવું શું ? દીક્ષા લેવી ? જગતનું પરમાર્થ સાધતાં ઉચ્ચ જીવનના હરીફાઇમાં ઉંચી શ્રેણીએ લઇ જનાર અમરપદ પ્રાપ્ત કરવાનું વૃત, તેનો અંગીકાર કરવો, અને તે માટે વિશ્વપૂજ્ય મુદ્રાને અંગીકાર કરવી. બસ, આજ પરમોચ્ચ અડગ ધ્યેય છે. એમ વિચારી ત્યાં ને ત્યાંજ પંચમુષ્ટિથી લોચ કરી પહેરેલ રત્ન કંબલના તાંતણાનું રજોહણ બનાવ્યું ને સાધુવેશમાંજ નંદ રાજાની સભામાં હાજર થયો.

આ યુવક તે મંત્રી શકડાલનો પુત્ર સ્થૂલીભદ્રજ હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૮ મું.

### " વિચિત્ર મુદ્રા "

આજે નંદની સભાનો જુદોજ તાલ હતો. શકડાલના પુત્ર સ્થૂલીભદ્રને મંત્રીપદ આપવાનું રાજાએ જણાવ્યાથી ' સ્થૂલીભદ્ર તે સંબંધી વિચાર કરવાને રાજવાડીમાં ગયા છે તે હમણાંજ પાછા આવતાં રાજા તેને મંત્રીપદથી વિભુષિત કરશે, ' આવી ધારણા સર્વ કોઇના હૃદયમાં રમી રહી હતી. ને તે આવે ત્યાં સુધી સભ્યગણ જુદી જુદી વાર્તાના આનંદ-ઉપભોગ કરતા હતા. એક તરફથી ગાયકવર્ગ પણ પોતાની કળાપટુતા દેખાડવાને, રાજા સમક્ષ અનેક પ્રકારનાં પ્રકાંડો ગોઠવી રહ્યા હતા. જેને જોવાથી શ્રોતાજનોને અભિનયની સાથે રસ પરિવર્તનની ક્રિયા આવી રહી હતી.

એટલામાં વિચિત્ર વેશધારી સ્થૂલીભદ્રે સભામાં પ્રવેશ કરી રાજા સન્મુખ જઇ **ધર્મલાભ** એવા શબ્દનો ઉચ્ચાર કર્યો.

રાજા તેને ઓળખીને બોલ્યો કે સ્થૂલીભદ્રજી किम् आलोचितम् શું ? આલોચના કરી ?

સ્થૂલીભદ્રે જણાવ્યું हा लोचितम्–હા લોચ કર્યો. જે કરવા લાયક હતું તે વિચારીને કર્યું છે, દુઃખદ પ્રધાનમુદ્રા કરતાં મેં ધારેલ પ્રધાનમુદ્રા વધારે કિંમતવાળી છે. માટે રાજન્ **ધર્મલાભ** ! આ પ્રમાણે કહી આ યોગીરાજ-સભાનો ત્યાગ કરી જલદી અધિક શાંતિનો પરિચય થાય તેવા સ્થાન પ્રતિ ચાલવા લાગ્યા.

" વિનીત "

## ઉપદેશક–પદ.

રાગ—" માલકોશ "

જીન નામ રટણ કર ભાવ ધરી, ( ૨ )
નર દેહ ન મળશે ફરી ફરી............જીન નામ.
રાગ રહિત વિતરાગ ને પામી, ( ૨ )
ખામી ન રાખીશ ભાઇ જરી............જીન નામ.
કૈક ભવોમાં ભટકયો ભાઇ, ( ૨ )
કહેને કમાણી શી તેં કરી............જીન નામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગાધ આ ભવ દરીયો તરવા, ( ૨ )
પ્રભુ ભક્તિ છે સાચી તરી............જીન નામ.
ભવ વનમાં રખડ્યો બહુ વેળા, ( ૨ )
હવે જઇ બેસજે ઠામ ઠરી............જીન નામ.
પરમાતમ ! પામી હે ! આતમ, ( ૨ )
ભંડાર ભક્તિનો લે તું ભરી............જીન નામ.
અધવચ અટકી જાશે ઓચિંતિ, ( ૨ )
દેહ રૂપી આ *શકટ ધરિ............જીન નામ.
ભજ ભાવે જીન નામ હે ! મનસુખ, ( ૨ )
એ છે અન્તે મુડી ખરી............જીન નામ.

મનસુખલાલ ડાયાભાઇ શાહ–વઢવાણ કેમ્પ.

परिशिष्ट ६ ठुं. **વિશ્વરચના પ્રબંધ.** ગતાંક પૃષ્ટ ૧૨૭થી શરૂ.

## क ભૂગોળ મીમાંસા.

૨૦૦૦ ગજ લાંબી અને ૫૦૦ ગજ પહોળી વસ્તુના ચીત્રમાટે ઉંચાઇ સૂચક રેખા નાની નાની દેખાડાય છે. જહાજ દૂર જાય છે તેની ક્રમશ: ફ્રીલમ લઇએ તો અંતિમ ફોટામાં કેવળ ધ્વજાનું ચીન્હ હોતું નથી, તો શું ધ્વજા નથી એમ કહેવાય ? કેટલીક દૂર રહેલ વસ્તુની ધ્વજા દેખાતી હોય તો પણ તે ધ્વજાનો રંગ કેમ દેખાતો નથી ? શું તે ધ્વજાનો રંગ નાબુદ થયો છે ?

પાશ્ચિમાત્યો જોગ્રોફ્રીમાં કહે છે કે—ભુભાગપર, નીચે સ્થૂલ સ્થૂલ અને ઉપર ઉપર સૂક્ષ્મ સૂક્ષ્મ પૃથ્વી જાતિના અને જલજાતિના સ્કંધો ફરે છે, જેમાંના સ્થૂલ સ્કંધો દષ્ટિના પ્રતિરોધક છે. આ હેતુથી પણ દૂરના વહાણનો ઉપરનો ભાગ દેખાય છે, પણ નીચેનો ભાગ દેખાતો નથી.

ભૂભ્રમણ કરનારા મુસાફરો જે સ્થાનેથી નીકળે તેજ સ્થાને પાછા આવે છે, તેનું કારણ પૂર્વ–પાશ્ચિમ વૃત્ત ગમન છે. ( જુઓ ચીત્ર ) આપણી દષ્ટિ ચારે બાજુ ૩ માઇલ સુધી દેખે છે, ઉંચે ચઢી જોતાં વિશેષ દેખે છે, તેથી પૃથ્વીને ઉપસવા જેવી ગોળ માનવામાં આવે છે. સમુદ્રમાં પણ આ રીતે દેખાય છે, તો શું સમુદ્ર ઉપસેલો છે કે સપાટ છે ?

* શકટ ધરિ=ગાડાની ધરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી એક પાષાણુની ગોળીની એક બાજુ માટીનો મોટા ઢગલો કરીએ, પણ તેનું આકર્ષણ દેખાતું નથી.

આ દરેક બાબતોથી નક્કી થાય છે કે આપણી દૃષ્ટિ દૂરના ભૂભાગને નથી દેખી શકતી. માટે પૃથ્વી ઢાળ પડતી ગોળ દડાજેવી છે એમ નથી. અર્થાત્ પૃથ્વી સીધી સપાટ છે. દૂરના પદાર્થો નહી જોવામાં દૃષ્ટિનો દોષ છે, તથા ગુરૂત્વાકર્ષણનુ મંતવ્ય પણ ગલત છે.

શ્રીમાન્ સ્યાદ્વાદ વારિધિ પં. **ગોપાલદાસજી બરૈયા**
**મુરૈના** ( ગ્વાલીઅર )

## ख ભૂભ્રમણમાં નદીનું સ્થાન.

પાણીનો પ્રવાહ નીચાણુમાં ઢળે છે, જેથી નદીનું વેણ પણ ઢોળાવ તરફ હોય છે. આ રીતે કોઇ નદી ઉત્તરમાં, કોઈ દક્ષિણમાં, કોઇ પૂર્વમાં, તો કોઇ પશ્ચિમમાં જઇ મહાનદી કે સમુદ્રને મળે છે, પણ અહીં એમ તો ન માની શકાય કે સમુદ્ર નદીના પાણીનું આકર્ષણ કરે છે. હવે જો પૃથ્વીને ચક્રાવો લેતી માનીએ તો જ્યારે સમુદ્રવાળો ભૂખંડ ઉપર આવે અને નદીના મૂળનો ભાગ નીચે રહે ત્યારે નદીના પાણીની ત્રિશંકુના જેવી કઢંગી સ્થિતિ થાય, અને નદીનું પાણી નીચાણુમાં ન જતાં અવળું પણ જાય, આવી મનોકલ્પનાને જન્મ આપવો પડે, તો આટલાથી એમ કબુલ નથી થતું કે–પૃથ્વી સ્થિર હોઈ સૂર્યની આસપાસ ગબડતી નથી.

**કમળશીભાઈ—રાધનપુર.**

## ग સૂર્યની ગતિનો ફેરફાર.

**( ડો. જગદીશચંદ્ર બસુ દિગ્વિજય—વિભાગ ૮ પેરો ૫૮ )**

અમો રોજ ઉપર ચઢીને નકશો જોવા જતા કે:—પહેલે દિવસે અમે કેટલી મજલ કાપી છે ? તે નકશામાં અઠવાડીયાના બધા વાર તથા તારીખો પણ આપેલાં હતાં. એક દિવસે એક રાતમાંજ એક કૌતુક થયું. અમે શુક્રવારે તા. ૨ જી એપ્રીલની રાત્રે પથારીમાં સૂતા હતા, અને બીજી સવારે જાગ્યા ત્યારે તા. ૪ થી એપ્રીલ અને રવિવાર થયો હતો. આ પ્રમાણે એક આખો દિવસ ભેદ ભરી રીતે ગુમ થઇ ગયો હતો × × કેલેન્ડરના આ ફેરફારો પહેલી નજરે ગુંચવાડો ઉભો કરે છે, કારણ કે—અમુક ગણિતરેખાની પૂર્વ તરફ શુક્રવાર હોય છે, અને બીજી તરફ એ રેખાથી થોડી વારને છેટે એજ ક્ષણે રવિવાર થાય છે.

વીશમી સદી ૭–૫ પા. ૪૨૨ }
ઓગસ્ટ ૧૯૧૯

લી૦
મી૦ **બસીસ્વરસેન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परिशिष्ट ७ मुं.

આ તિરછા લોકમાં અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય હોય તેની બરોબર દ્વીપ એને સમુદ્ર છે. એકેક થકી બમણા બમણા, એટલે—પહેલા થકી બીજો બમણો અને તે થકી ત્રીજો બમણો એમ વિસ્તારે કહ્યા છે. વચમાં પહેલો જંબુદ્વીપ તે થાળીને આકારે છે, અને બીજા સઘળા દ્વીપ તથા સમુદ્ર ચુડીને આકારે છે. તેના નામની ક્રમવાર વિગત નીચે મુજબ—

| | | |
|---|---|---|
| ૧ જંબુદ્વીપ | ૨૧ અરૂણવરાવભાસ દ્વીપ | ૪૧ ભુયંગ દ્વીપ |
| ૨ લવણ સમુદ્ર | ૨૨ અરૂણવરાવભાસ સમુદ્ર | ૪૨ ભુયંગ સમુદ્ર |
| ૩ ઘાતકીખંડ દ્વીપ | ૨૩ કુંડલ દ્વીપ | ૪૩ ભુયંગવર દ્વીપ |
| ૪ કાલોદધિ સમુદ્ર | ૨૪ કુંડલ સમુદ્ર | ૪૪ ભુયંગવર સમુદ્ર |
| ૫ પુષ્કરવર દ્વીપ | ૨૫ કુંડલવર દ્વીપ | ૪૫ ભુયંગવરાવભાસ દ્વીપ |
| ૬ પુષ્કરવર સમુદ્ર | ૨૬ કુંડલવર સમુદ્ર | ૪૬ ભુયંગવરાવભાસ સમુદ્ર |
| ૭ વારૂણીવર દ્વીપ | ૨૭ કુંડલવરાવભાસ દ્વીપ | ૪૭ કુસ દ્વીપ |
| ૮ વારૂણીવર સમુદ્ર | ૨૮ કુંડલવરાવભાસ સમુદ્ર | ૪૮ કુસ સમુદ્ર |
| ૯ ક્ષીરવર દ્વીપ | ૨૯ શંખ દ્વીપ | ૪૯ કુસવર દ્વીપ |
| ૧૦ ક્ષીરવર સમુદ્ર | ૩૦ શંખ સમુદ્ર | ૫૦ કુસવર સમુદ્ર |
| ૧૧ ઘૃતવીર દ્વીપ | ૩૧ શંખવર દ્વીપ | ૫૧ કુસવરાવભાસ દ્વીપ |
| ૧૨ ઘૃતવીર સમુદ્ર | ૩૨ શંખવર સમુદ્ર | ૫૨ કુસવરાવભાસ સમુદ્ર |
| ૧૩ ઇક્ષુવર દ્વીપ | ૩૩ શંખવરાવભાસ દ્વીપ | ૫૩ ક્રૌંચ દ્વીપ |
| ૧૪ ઇક્ષુવર સમુદ્ર | ૩૪ શંખવરાવભાસ સમુદ્ર | ૫૪ ક્રૌંચ સમુદ્ર |
| ૧૫ નંદીશ્વર દ્વીપ | ૩૫ રૂચક દ્વીપ | ૫૫ ક્રૌંચવર દ્વીપ |
| ૧૬ નંદીશ્વર સમુદ્ર | ૩૬ રૂચક સમુદ્ર | ૫૬ ક્રૌંચવર સમુદ્ર |
| ૧૭ અરૂણ દ્વીપ | ૩૭ રૂચકવર દ્વીપ | ૫૭ ક્રૌંચવરાવભાસ દ્વીપ |
| ૧૮ અરૂણ સમુદ્ર | ૩૮ રૂચકવર સમુદ્ર | ૫૮ ક્રૌંચવરાવભાસ સમુદ્ર |
| ૧૯ અરૂણવર દ્વીપ | ૩૯ રૂચકવરાવભાસ દ્વીપ | |
| ૨૦ અરૂણવર સમુદ્ર | ૪૦ રૂચકવરાવભાસ સમુદ્ર | ક્રૌંચ. |

એ પ્રમાણે અનુક્રમે ઉત્તમ વસ્તુઓના નામવાળા દરેક નામના ત્રિપ્રત્યાવતારે કરીને છેવટમાં પહેલા સુરવરાવભાસ સમુદ્રસુધી ગણવા. ત્યારપછીના દ્વીપ સમુદ્રોમાં ફરી ફરીવાર જંબૂદ્વિપથી સુરવરાવભાસ સુધીના નામો હોય છે. એજ પ્રમાણે એક જ નામના અસંખ્યાતા દ્વીપ–સમુદ્રો છે, અને છેલ્લા દ્વીપ સમુદ્રો અનુક્રમે—૧–દેવદ્વિપ, ૨–દેવસમુદ્ર, ૩–નાગદ્વીપ, ૪–નાગસમુદ્ર, ૫–યક્ષદ્વિપ, ૬–યક્ષસમુદ્ર, ૭–ભૂતદ્વીપ, ૮–ભૂત સમુદ્ર, ૯–સ્વયંભૂ દ્વીપ અને ૧૦–સ્વયભૂરમણ સમુદ્ર છે. ( સંપૂર્ણ )

મુનિરાજ : શ્રી દર્શનવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાર્યસિદ્ધિમાટે સદ્વિચારોની આવશ્યકતા.

કોઇપણ કાર્યમાં સફલતા કે નિષ્ફળતાનું દર્શન થવું તે ઉભય પરિણામ મનુષ્યના વિચારોનું પરિણામ છે. તેથી પ્રત્યેક મનુષ્યની નિર્બળતા, સબળતા, પવિત્રતા, અપવિત્રતા તેના સાથેજ સંબંધ રાખે છે. અને તેનો ઉત્પાદક પણ તે પોતેજ છે. સુખમય અને દુઃખમય સ્થિતિ મનુષ્ય પોતેજ પોતાના હાથે ઉભી કરે છે.

મનુષ્ય પોતાના વિચારોને ઉન્નત કરવાથી ઉન્નત બને છે. મનુષ્યે કોઇપણ કાર્યમાં સફલતા પ્રાપ્ત કરવા પૂર્વે ગુલામીના વિચારો, પાશવવૃતિની દુર્વાસનાઓ કામવાસના વિષયક તથા સ્વાર્થ સાધનાના વિચારોને તિલાંજલી દેવી જોઇએ. પાશવવૃતિના વિચારો કરવાથી મનની ગુપ્ત શક્તિઓ હસ્તગત થતી નથી અને પરિણામે નિષ્ફલતા પ્રાપ્ત થાય છે. જેમણે પોતાના વિચારોને આરંભથીજ નિયમપૂર્વક રહી વશ રાખ્યા નથી તે કોઇ પણ મોટો અધિકાર કરવાને કોઇ સારા કાર્યની વ્યવસ્થા કરવાને લાયક નથી. કારણકે તેણે પસંદ કરેલા સ્વલ્પ વિચારોની સીમાનું ઉલ્લંઘન તે કરી શકતો નથી.

મનુષ્ય પશુવત્ વિચારોનો જેટલા પ્રમાણમાં ત્યાગ કરશે તેટલા પ્રમાણમાં તેની ઉન્નતિ થશે. જનસમાજ લોભી, સ્વાર્થી, કે દુષ્ટ મનુષ્યપર કદીપણ દૃષ્ટિપાત કરતો નથી. જ્ઞાન તથા વિદ્યાને માટે જે વિચારો એકત્ર કરવામાં આવે છે તેમના પરિણામરૂપ સફલતા બુદ્ધિ તથા જ્ઞાન છે. દરેક પ્રકારની સફલતા વિચાર તથા ઉદ્યોગનો મુગટ છે.

એક મનુષ્ય જે એક વખત સંસારમાં મહાન વિજય મેળવે અને તે સાથેજ તે ઉત્તમ પ્રકારે આત્મ શાસન કરતો રહેતો તેની ઉન્નતિ ચિરસ્થાયી થશે; પરંતુ જો તે પોતાના મનમાં અભિમાન તથા બુદ્ધિના ભ્રમને પાડનાર વિચારોને પ્રવેશ કરવા દેશે તો તેનું પુનઃ પતન થશે તેમાં સંદેહ નથી.

ઘણા લોકો સફલતા પ્રાપ્ત કરવા માટે એક વખત સદ્વિચારો તથા સદ્-ઉદ્યોગ કરે છે તે પ્રાપ્ત કર્યા પછી તેને ધારણ કરી રાખવા માટે જોઇએ તેટલી સાવચેતી રાખતા નથી તેઓ ફરી નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. મનુષ્યોને પોતાના ઇચ્છિત કાર્યોને પૂર્ણ કરવા માટે તો આત્મસંયમની અવશ્ય જરૂર પડે છે.

જેઓને ઉચ્ચ પ્રકારની સફલતા પ્રાપ્ત કરવી હોય તેમને બલિદાન પણ ઉચ્ચ કોટીનું સામાન્ય મનુષ્ય ન આપી શકે તેવું આપવું જ પડે. દુઃખ સહ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગર સુખ પ્રાપ્ત થતું નથી. કેટલાક એમ કહે છે કે એક રાજા કે શ્રીમંતને ત્યાં જન્મેલ મનુષ્ય તે કયાં દુઃખ સહન કરવા ગયા હતા ? તેનો ખુલાસો માત્ર એ છે કે આપણે પુનર્જન્મ માનનારા છીએ. આગલાભવોની જેમ આ ભવમાં અને આ જન્મના આપણાં શુભાશુભ કર્મો જેમ આવતાં જન્મમાં ભોગવીએ છીએ–ભોગવવાના છે એમ આપણે શાસ્ત્રોથી તેમ દુનીયા અને પોતાના અનુભવથી માનતાં જાણતા આવ્યા છીએ, તે સિદ્ધાંત મુજબજ મનુષ્યની પ્રવૃત્તિ શુભ કાર્ય તરફ પ્રેરાય છે, એટલા માટે મનુષ્યના ભાગ્યને મનુષ્ય પોતે જન્મ આપે છે અને ઉપર જેમ કહેવામાં આવ્યું તેમ " મન તેજ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે " માટે મનુષ્યે શુભ કર્મ કરી પોતાના જીવનનું સાર્થક કરવું જોઈએ.

જે મનુષ્ય પોતાની આ જન્મે સ્થિતિ સુધારવા માંગતો હોય તેમણે પ્રથમ પોતાના વિચાર સુધારવા જોઇએ. પછી તે પ્રમાણે વર્તન કરવું જોઈએ જેથી કહેવામાં આવે છે કે વિચાર તેવું પરિણામ છે, આત્મોન્નતિ ઈચ્છનાર મનુષ્યે વિચાર સુધારવાની પ્રથમ આવશ્યકતા છે. **આત્મવલ્લભ.**

# પ્રકીર્ણ અને વર્તમાન સમાચાર.

આ માસની તા. ૮–૯–૧૦ શની, રવિ અને સોમવારના રોજ શ્રી દક્ષિણામૂર્તિ બોર્ડીંગના પ્રયત્ન અને આમંત્રણથી છાત્રાલય [ બોર્ડીંગ ] સંમેલન મુંબઈ ઇલાકા માટે થયું હતું. આ દક્ષીણામૂર્તિ બોર્ડીંગના સુપરીન્ટેન્ડેન્ટ નૃસીંહપ્રસાદભાઇ તેના આત્મા અને સેવાભાવી સજ્જન મનુષ્ય છે. સાથે વિચારક, કેળવણીના ક્ષેત્રના બહોળા અનુભવી છે. જેથી છાત્રાલયોની ઉચ્ચ સ્થિતિ થતાં તેમાં રહેતા બાળકો આદર્શ નિવડે તેવો કોઇ ખાસ પ્રબંધ તમામ છાત્રાલયોમાં થાય તે માટે આ સંમેલન તેઓ વગેરે બંધુઓના પ્રયત્નથી થયું હતું. અહીં જ્ઞાતિ, ધર્મ કે કોમનો ભેદ નહોતો. જૈન વગેરે છાત્રાલયોના સંચાલકોને પણ સાર્વજનિક આમંત્રણ હોવાથી સૌ આવ્યા હતા. સત્કાર કમીટીના પ્રમુખ જગજીવનદાસ નારાયણ મહેતાનું ભાષણ છાત્રાલયોના અનુભવસિદ્ધ જેમ હતું, તેમ આ સંમેલનના પ્રમુખશ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક જેઓ અમદાવાદ વિદ્યાપીઠમાં પ્રોફેસર હોઈ અને અનુભવી અને વિદ્વાન હોઇ તેમનું ભાષણ વિદ્વતાપૂર્ણ હતું. સાથે કેટલુંક ખાસ છાત્રાલયો માટે નવું જાણવા જેવું હતું. ત્રણ દિવસ ભાષણો, રાત્રિના નાટય પ્રયોગો, સંગીત અને કસરતના પણ પ્રોગ્રામો હતા. અનેક વિદ્વાનો આવવાથી આવા સંમેલનોમાં જેમ ભાષણોથી કંઇ નવું મળી શકે છે તેમ અરસપરસ ચર્ચાથી–આપ લેથી પણ નવું મેળવી શકાય છે. શ્રીમાન્ પટ્ટણી સાહેબનું ભાષણ અને પ્રમુખશ્રીનો ઉપસંહાર ખાસ સાંભળવા જેવો હતો.

ધાર્મિક શિક્ષણની ચર્ચા પણ એક દિવસ હતી; જો કે જુદા જુદા મતો તે માટે મળ્યા હતા. જો કે આપણી જૈન સમાજને તે ઉપયોગી નહોતા. છતાં એટલું તો કહેવું જોઇએ કે જમાનાને અનુસરી આપણી જૈન સમાજમાં હૃદયની–મનની વિશાળતા હોય તો ત્રણે ફીરકા. નહિ તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક ફીરકાઓએ પોતપોતાના શહેરમાં આવાં છાત્રાલયો ખોલવા જોઇએ. બીજા કરતાં આપણી સમાજમાં કંઇક સંખ્યામાં વધારે છાત્રાલયો છે, પરંતુ તેને આદર્શ બનાવવા માટે તેના વ્યવસ્થાપકો, માલેક, મનની ઉદારતાવાલા [ ગૃહપત્તિ આદર્શ જીવનવાળા સુશિક્ષિત, વ્યવસ્થા કરી શકે તેવા શાંત અને સરળ સ્વભાવી તેના આત્મા ભાડુતિ નહીં તેવા હોવા જોઇએ અને તેવા ] ગૃહપતિને સ્વતંત્ર વ્યવસ્થા સોંપવા માટે ઉત્સુક જોઇએ. આવી રીતે છાત્રાલયોના સંમેલનોની આપણી કોમમાં પણ જરૂર છે. તેથી દરેક છાત્રાલયની ખામીઓ મુશ્કેલી જણાતાં દૂર થાય, ધાર્મિક શિક્ષણ એક સ્વરૂપ અને વ્યવસ્થિત થતાં સરખું આપી શકાય અને કોઇ પણ છાત્રાલયની ખામી કે અપૂર્ણતા દૂર થતાં તે તે છાત્રાલય આદર્શ થતાં, અથવા સુવ્યવસ્થીત થતાં વિદ્યાર્થીઓનું શિક્ષણ, વ્યવહાર કુશળતા, ભાઇચારો, સંયમ, સેવાની ભાવના, દિવસાનુ દિવસ વૃદ્ધિ થાય અને જૈન સમાજનો થોડા ઘણા અંશે આવા કાર્યમાં ખર્ચાતો પૈસાનો સદ્વ્યય થાય. જેમ પ્રાચીન કાળમાં ગુરૂકુળો હતાં, અધ્યાપકોને ત્યાં કુમારાવસ્થા શિક્ષક પાસે ત્યાં રહી ગાળવામાં આવતી, તેમ આ કાળ માટે આવા ગુરૂકુળો કે છાત્રાલયોની ખાસ જરૂર છે. જુદા જુદા ગામના, કુટુંબના, જ્ઞાતિના એકજ ધર્મ પાળતા, જુદી જુદી પરિસ્થિતિમાં ઉછરેલા અને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા બાળકો એક સાથે એક સ્થળે રહી મનુષ્ય જીવન–ગૃહસ્થજીવનનું એક સરખું ધ્યેય સાધવાને મથે એવા કાર્યો કરવામાં ઐક્ય સાધે તો તે દ્વારા ધૈર્ય, સંયમ અને ત્યાગવૃત્તિઓ કેળવે, અરસ્પરસ સ્નેહ અને સેવાભાવનાની લાગણી ઉત્પન્ન થતાં સારૂં શિક્ષણ મેળવી, વ્યવહારકુશળતા પ્રાપ્ત કરી જૈન ગૃહસ્થજીવન કેમ જીવવું તે શીખે, જેથી તેમાંથી ઉદ્ભવતું બળ, હિંમત, પ્રાપ્ત કરી સમાજ, જ્ઞાતિ, ધર્મ અને દેશ પ્રત્યે પોતાનું કર્તવ્ય શીખી તેનું પાલન કરે, એવા આ કાળના આપણા છાત્રાલયોનો ઉદ્દેશ રાખી છાત્રાલયો ચલાવવા જોઇએ અને નવા છાત્રાલયો તેવાજ ઉદ્દેશથી ખોલવા જોઇએ.

આ છાત્રાલયમાં આવેલા ત્રણે ફીરકાના જૈનબંધુઓએ આ સંમેલનનું કાર્ય જોઈ આપણે ત્રણે ફીરકાઓએ પણ આવું સંમેલન કરવું જોઇએ, અથવા બહાર ગામથી આવેલા આપણા ત્રણે ફીરકાના બંધુઓએ ભેગા થઇ પોતપોતાના છાત્રાલયો સંબંધી ત્રુટી.–મુસ્કેલીઓ અગવડો, ખામીઓ વગેરે સંબંધમાં વિચારની આપલે કરવી તે માટે એક સ્થળે એકઠા થવાની ઇચ્છા થતાં તા. ૧૧–૧–૧૯૨૭ સોમવારના રોજ શ્રી ભાવનગર જૈન બોર્ડીંગના તરફથી ભાઇ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ તથા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે આવેલા સર્વ બંધુઓને ઉપરોક્ત વિષયની ચર્ચા માટે આમંત્રણ કર્યું. રાત્રિના સાતવાગે અત્રેના સંભાવિત ગૃહસ્થો, શેઠ કુંવરજી આણંદજી, માસ્તર મોતીચંદ ઝવેરચંદ, જૈનપત્રના અધિપતિ શેઠ દેવચંદભાઇ, વોરા ગીરધરભાઇ ગોરધન, શાહ દામોદરદાસ હરજીવન, શેઠ હેમચંદ મંગળચંદ વગેરે તેમજ વિદ્યાર્થીઓ અને આવેલા બંધુઓ શુમારે સો માણસોએ હાજરી આપી હતી. આ વિષયના સંબંધમાં સૌ બંધુઓને પોતાના વિચાર જણાવવાની વિનંતિ કરતાં કેટલાક બંધુઓએ પોતાના વિચાર જણાવતાં, ચર્ચા થતાં છેવટ અમદાવાદ નિવાસી વિદ્વાન બંધુ પંડિત ભગવાનદાસભાઇ તથા શાહ ધીરજલાલ ટોકરશી બંને બંધુઓની નિમનોક કરવામાં આવી, અને તે બંને બંધુઓ એ મુબઈ ઇલાકામાં ત્રણે ફીરકાઓના કેટલાક છાત્રાલયો છે તેનો નોંધ તથા તેના માલેકો, વ્યવસ્થાપકો સંચાલકોને છાત્રાલયના આવા સંમેલન માટે તેઓનો શું અભિપ્રાય છે, તે જાણવા માટે પત્રવ્યવહાર કરી જૈન પેપરોમાં ખબર આપવા. હાલ તેટલું કરવાનું નક્કી થતાં, પરસ્પર ઓળખાણ કરાવતાં આનંદ પૂર્વક મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર અને સમાલોચના

**૧ જૈનધર્મકી મહત્તા--ઓર પં. પરમાનંદજીકી અજ્ઞતા** – નામની બુક પ્રકાશક-શાહ ઓટમલજી મોતીજી જાવાલવાળા તરફથી ભેટ મળેલ છે. આ ગ્રંથના લેખક મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજ છે. પંડિત પરમાનંદજી પાલીના જૈન સંઘ તરફથી જૈન પાઠશાળામાં અધ્યાપકનું કાર્ય કરે છે. અને સાધુ સાધ્વી મહારાજને પણ સંસ્કૃત વગેરેનું અધ્યયન કરાવે છે. આવા એક જૈન અધ્યાપકના હાથે જૈન ધર્મપર આક્ષેપો થાય તે જાણી સર્વને ખેદ થાય તે સ્વાભાવિક છે, પંડિતજી પરમાનંદજીએ શ્રીમાલી અભ્યુદય પુ૦ ૧૨ અંક ૨–૬–૭–૮ માં અને બીજે સ્થળે પણ જૈનધર્મ ઉપર એટલા બધા આક્ષેપો કર્યા છે કે તે તેમની અજ્ઞાનતા સિવાય બીજું કંઇ નથી. જેજે પુસ્તકોમાં જૈનધર્મપર આક્ષેપો કર્યા છે, તેના ઉપર આ બુકના લેખક મહાત્મા કલ્યાણવિજયજી મહારાજે તેની સમાલોચના કરી પંડિતજી પરમાનંદજીની અજ્ઞતા બતાવી આપી છે. જેથી અમો મુનિરાજશ્રી કલ્યાણવિજયજીને ધન્યવાદ આપીયે છીયે કે આવા એક જૈન ધર્મ ઉપર આક્ષેપ કરનાર જૈન ધર્મના અજ્ઞાની પંડિતને બહાર લાવી જૈન ધર્મનું ખરૂં સ્વરૂપ પ્રગટ કર્યું છે. જે મનુષ્ય જૈન ધર્મનો દ્વેષી હોય અથવા તેનાથો અજ્ઞ હોય તે ગમે તેવો ભાષા, વ્યાકરણ વગેરેનો પંડિત હોય છતાં જૈન પાઠશાળામાં કે સાધુ–સાધ્વીને ભણાવવાનું કાર્ય કરતો હોય તો તેનાથી ભણનારાઓને ભવિષ્યમાં કેટલો અનર્થ થશે તેનો ખ્યાલ લાવ્યા વગર પાલીના જૈન સંઘે આવા પંડિતોને જૈન ધર્મના અધ્યાપક તરીકે રાખવો યોગ્ય નહોતો. આવી બાબત ખાસ સમાજે વિચારવા જેવી છે. આ ગ્રંથ હિંદી ભાષામાં લખાયેલ છતાં તેના જિજ્ઞાસુ અને પાલીના જૈન સંઘે પઠન કરવાની જરૂર છે. એક આનાની ટીકીટ મોકલવાથી પ્રકાશકને લખવાથી ભેટ મળી શકશે.

**૨ શ્રી સંમેત શિખર મંડન વિશંતિ જિનપૂજા**--પ્રકાશક શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી તરફથી ભેટ મળેલ છે. આ પૂજા નવિન છે અને તેના રચયિતા શાંતમૂર્તિ મુનિરાજ શ્રા હંસવિજયજી મહારાજ છે તેઓશ્રીનું શાસ્રીય જ્ઞાન સંગીન છે. તેઓશ્રીની કૃતિની આ બીજી પૂજા છે. તેની ભાષા રસિક, અર્થ ભાવ ગાંભીર્ય છે તેમજ તે વાંચનારને કે ભણાવનારને શાંતિ અને અને ભક્તિ સાથે પ્રભુ પ્રેમનો પ્રવાહ જાણે વહેતો હોય તેમ અનુભવ થાય છે. પવીત્ર તીર્થની પૂજામાં વીશ પૂજાનો સમાવેશ કરેલો છે અને તે જુદા જુદા છંદો અને રાગોમાં રચના કરવામાં આવી છે. વિધિ પણ આપવામાં આવેલી છે. છેવટના ભાગમાં કેટલાક સ્તવનો મહારાજની કૃતિનાં આપી તેમજ આ ગ્રંથના કર્તા પરમ કૃપાળુ મહારાજશ્રીની છબી આપી પ્રકટ કરનાર સંસ્થાએ ગુરૂ ભક્તિ દર્શાવી છે. કિંમત બે આના સર્વ કોઇ લાભ લઇ શકે તે માટે રાખેલ યોગ્ય છે. પ્રકટ કર્તાને ત્યાંથી મળી શકશે.

**૩ પાટણ પત્રિકા**—માસિક વર્ષ ૨ જુ અંક ૧–૨ નો સમાલોચનાર્થ અમોને ભેટ મળેલ છે. જૈન સંસ્થા તરફથી પ્રકટ થતું છતાં તે એકલા જૈન સમાજને લગતાજ માત્ર વિષયો ન આપતાં સર્વ દેશીય વિષયો ચર્ચે છે. પોતે જણાવેલી ભાવના પાર પડો તેમ અમો ઇચ્છીયે છીએ. દેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સમાજના સુધારા ને ઉન્નતિ માટે પેપર તે ચાર પાયા પૈકી એક પાયો છે. અને તેને દ્રઢતા પૂર્વક નિભાવી રાખવો તે જન્મ આપનાર અને સહાય આપનાર ઉપરજ આધાર રાખે છે. આ 'પાટણ પત્રિકા'ના આ અંકનું પઠન કરતાં તેમાંહે આવેલા વિવિધ વિષયો સમયને અનુસરતા અને યોગ્ય રીતે ચર્ચેલા જણાય છે. પાટણની પ્રજાએ તો તે કેમ વધારે પ્રગતિમાન થાય તેવી દરેક સહાય આપવીજ જોઇએ. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે. વાર્ષિક લવાજમ રૂા. ૧-૦-૦ મળવાનું સ્થળ શા. અમીરચંદ ખેમચંદ શ્રી પાટણ જૈન યુવક મંડલ મુંબઇ—સેન્ડ હર્સ્ટ રોડ લ્હેરી બીલ્ડીંગ નં. ૪

**૪ શ્રી દિગંબરી જૈન માસિકનો સચિત્ર વીશમા વર્ષનો પહેલો બીજો અંક—** સમાલોચના માટે મળ્યો છે. દેશના સુધારા માટે અને તેની જાણુ માટે પેપર તે એક સમાજનો પાયો છે, તેમ દિગંબર જૈનબંધુઓની ધાર્મિક તથા વ્યવહારિક સુધારણા અને ઉન્નતિની જાણુ માટે આ માસિક વીશ વર્ષથી તેમના સમાજની સેવા બજાવી રહેલ છે આખા હિંદમાં તેનો લાભ લઇ શકાય માટે ગુજરાતી તથા હિંદી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે. આ અંકને ચિત્રમાં બનાવી તેની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. આ અંકમાં ૫૩ વિષયો તથા દેવ, ગુરૂ વગેરેના ચિત્રો આપી આ અંકને આકર્ષક બનાવેલ છે કેટલાક લેખો જુદા જુદા The Light everlasting શ્રીયુત જગમંદિરલાલ જૈની બેરીસ્ટર એટલો, જૈનધર્મ રાજા પ્રજાને હિતકાળ બ્રહ્મચારીજી શ્રીયુત શિતળ પ્રસાદજી વગેરે વગેરે અનેક વિદ્વાન બંધુઓના લેખો મનનીય છે. એકંદરે અમો તેના તંત્રી શ્રીયુત મૂળચંદભાઇ કિસનદાસ કાપડીયાને તેમની આ ઘણા વર્ષોની સેવામાટે ધન્યવાદ આપીયે છીયે.

**નીચેના ગ્રંથો શેઠ અમરચંદ ભૈરૂદાનજી શેઠીયા બીકાનેર તરફથી અમોને ભેટ મળ્યા છે તે આભાર સાથે સ્વીકારવામાં આવે છે.**

| | |
|---|---|
| સૂત્ર વિપાક સૂત્રમ. ... ... ... ... | રૂા. ૦-૮-૦ |
| નિતી શિક્ષા સંગ્રહ ભાગ ૧ લો. ... ... ... | ૦-૩-૬ |
| બડી સાધુ વંદના. ... ... ... ... | ૦-૧-૩ |
| હિન્દી બાલ શિક્ષા ભાગ ૧ લો. ... ... ... | ૦-૦-૯ |
| નૈતિક ઓર ધાર્મિક શિક્ષા... ... ... ... | ૦-૨-૦ |
| લઘુ દંડકના થોકડા. ... ... ... ... | ૦-૧-૯ |
| જ્ઞાન બહોંતેરી. ... ... ... ... | ૦-૦-૬ |
| હિન્દી બાલ શિક્ષા ભાગ ૨ જો. ... ... ... | ૦-૨-૦ |
| ,, ભાગ ૩ જો... ... ... ... | ૦-૩-૦ |
| સચ્ચા દાઇજા—એક માતાની પુત્રીને શિખામણ. ... | ૦-૨-૦ |
| ઉતરાધ્યન સુત્ર. પાના ૧૬ ગાથા ૨૭૪ ( ઝીંકોગ્રાફ ) ... | ૦-૮-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નમ્ર સુચના.

અમારા માનવંતા સભાસદોને જણાવવા રજા લઇયે છીયે કે સભાનો સં. ૧૯૮૨ ના આશો વદી ०)) સુધીનો રીપોર્ટ તૈયાર થાય છે. થોડા દિવસ પછી તે પ્રકટ થશે જેથી તે સંબંધમાં કોઈપણ સભાસદ બંધુઓએ કાંઇ સુચના કરવા જેવું હોય તો સભાને લખી જણાવવું, જેથી અગાઉ મળનારી મીટીંગમાં તે રજુ કરવામાં આવશે.

---

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ વગેરે સહિત રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. શાળાઓ માટે ખાસ ઉપયોગી. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિં. રૂ. ૧-૧૨-૦ મુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.

---

તૈયાર છે. "શ્રાવક ઉપયોગી ખાસ ગ્રંથ." તૈયાર છે.

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે ( બ્રાહ્મમુહૂર્ત વખતે ) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે, ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ કૃતિ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ. કિંમત મુદ્દલ રૂા ૦-૮-૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું.

---

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઈ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂા ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રાન્તિ.

“ ઘણા માણસો સમાજમાં ક્રાન્તિ થવાથી ડરે છે. ક્રાન્તિમાં અનેક વસ્તુઓનો નાશ થઇ જાય છે તેનો તેમને ભય લાગે છે, પણ આ ભય મિથ્યા છે, ક્રાન્તિમાં સંહાર થાય છે એ ખરૂં છે, પરંતુ કોઇ પણ નવું મંગલ સ્વરૂપ ઘડવાને કંઇક વસ્તુઓનો સંહાર તો થવા દેવો પડે જ. વિનાશ વિના સર્જન નથી.

“ ક્રાન્તિથી જુની વ્યવસ્થાઓ અસ્તવ્યસ્ત થઈ જાય છે. થોડો સમય અવ્યવસ્થા થાય છે. લોકો વ્યવસ્થાને નામે કહે છે કે ભાઇ, ક્રાન્તિ ન કરો; તેથી અવ્યવસ્થા થશે. પણ દરેક નવી વ્યવસ્થા કરતાં જુની વ્યવસ્થા તુટેજ, અને નવી વ્યવસ્થા સંપૂર્ણ અમલમાં આવે ત્યાં સુધી અવ્યવસ્થા પણ ચાલે. અભરાઈ ઉપર વાસણો જુદી રીતે ગોઠવવાં હોય તો બધાં નીચે ઉતારી એકવાર અવ્યવસ્થા કરવી જ પડે. નવી યોજના પ્રમાણે ઘર ચણવું હોય તો જૂનું ઘર પાડી નાંખવું પડે અને થોડા દિવસ ઘર વિનાના થઇ રહેવું પડે.

“ આપણા સમાજમાં એવું ઘણું છે કે જેને માટે હવે ક્રાન્તિની જરૂર છે, સમાજ સડી ગયો છે. બાળલગ્ન, સ્ત્રીઓની મંદ દશા, .ધર્મઢોંગ, મિથ્યાદાન, મિથ્યાવ્યય, ધર્મ વ્યવહાર અને ધર્મનો વિયોગ એ સર્વ મૂળ ઘાલીને પડેલાં છે. બાળક જન્મે છે ત્યારથી જે જુઠ્ઠાણાં શરૂ થાય છે તે મુઆ પછી પણ કાયમ રહે છે. એ સર્વનો ગમે તે ભોગે નાશ થવો જોઈએ. એ નાશ કરવાને માટે જે વ્યય કરવો પડે એજ આપણો યજ્ઞ છે. ”

“ ક્રાન્તિ ” માંથી.

For Private And Personal Use Only